તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# જાન્યુઆરી PART 2

## Dt. 16 to 31

## 2024

**કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ**

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

**CCE | TAT | TET | HTAT**

7600051070



રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



**ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ**


**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Reedem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**


ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક
બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40%
ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070


ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
MRP. 496/-
Only 299/-
40%
ડિસ્કાઉન્ટ
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC easily with...
Crack GPSC
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | MRP. ~~230/-~~ |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Only @ 170/- |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~150/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 99/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website crackgpsc.com/books **OR અથવા** **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ **QR કોડ** દ્વારા પેમેન્ટ કરો.

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી) QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070

Crack G GPSC

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
**CRACK GPSC**

# [*] 16 જાન્યુઆરી - ૨૦૨૪ [*]

## [*] યુવા નિધિ યોજના - કર્ણાટક

[I] કોંગ્રેસની પાંચમી અને અંતિમ ચૂંટણી ગેરંટી યુવા નિધિ કર્ણાટકના CM સિદ્ધારમૈયા એ શિવમોગ્ગા એ ફ્રીડમ પાર્કમાં લોન્ચ કર્યા.

[II] આ યોજના ઉન્નત રીતે સ્નાતકો અને ડિપ્લોમા ધારકોને બેરોજગારી સહાયતા પ્રદાન કરવા માટે શરૂ કરવામાં આવી.

[III] સરકાર ડિગ્રી ધારકોને પ્રતિમાસ 3000રૂ. અને ડિપ્લોમા ધારકોને 1500રૂ. જે છેલ્લાં 6 માસથી બેરોજગાર છે અને ઉચ્ચશિક્ષણ માટે નથી ગયા તેમને આપશે. આ માટે જે-તે લાભકર્તા મૂળ કર્ણાટકના નિવાસી હોવા ફરજિયાત છે.

• સરકારની પાંચ ગેરંટીઓમાંથી અન્ય •

▷ 'શક્તિ' - કર્ણાટકની મહિલાઓને સામાન્ય સરકારી બસોમાં મફતમાં યાત્રા.

▷ 'અન્ન ભાગ્ય' - BPL પરિવારોને 10 કિલો ચોખા.

▷ 'ગૃહ જ્યોતિ' - ઘરગથ્થુ વપરાશકારોને 200 યુનિટ સુધી વિજળી ફ્રી

▷ 'ગૃહ લક્ષ્મી' - APL/BPL રાશનકાર્ડ ધારકોની મહિલા કે જે ઘરનાં વડા હોય તેને પ્રતિ માસ રૂ.૨૦૦૦ની સહાય.

## [*] રિયર એડમિરલ ઉપલ કુંડુ - દક્ષિણી નૌસેના કમાન્ડના ચીફ ઓફ સ્ટાફ નિયુક્ત થયા.

[I] તેઓ સબમરિન રોધી યુદ્ધના વિશેષજ્ઞ છે અને તેમણે ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ INS ત્રિકંદ અને મિસાઈલ કોર્વેટ INS કુઠારની કમાન સંભાળી છે.

**(*) સુપ્રીમ કોર્ટે CEC અને ECની નિયુક્તિ પરના નવા કાયદાને રોકવાનો ઈનકાર કર્યો.**

[I] નવા કાયદા અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિ પ્રધાનમંત્રી, વિપક્ષના નેતા અને એક કેન્દ્રીય કેબિનેટ મંત્રીની સમિતિની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા થશે.

[II] અગાઉ આ પસંદગી સમિતિમાં મુખ્ય ન્યાયાધીશ પણ સમાવિષ્ટ હતા જેને નવા કાયદામાં દૂર કરવામાં આવ્યા છે. જેના વિરુદ્ધમાં અરજી દાખલ કરવામાં આવી હતી.

[III] જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે નવા કાયદાની વિરુદ્ધમાં જાહેર અરજી પર તપાસ માટે સહમતી દર્શાવી હતી.

[IV] નવી તપાસ સમિતિની અધ્યક્ષતા કેન્દ્રીય કાયદામંત્રી અને અન્ય બે સચિવ સ્તરની વ્યક્તિ કરશે. જે CEC અને ECની નિમણૂંક માટે 5 વ્યક્તિની પસંદગી કરશે.

[V] મે 2023માં બંધારણીય બેંચે સરકારને આદેશ કર્યો હતો પરંતુ ત્યારે સંસદમાં નવો કાયદો લાવાયો ન હતો. અને ત્યાં સુધી આ પસંદગી સમિતિમાં CJI ને સામેલ કરાયા હતા

**(*) મેઘાલયનું બર્નીહાટ-2023 ભારતનું સૌથી પ્રદૂષિત શહેર**

[I] થિંક ટેન્ક સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર ના અનુસાર આ જાહેરાત થઈ છે

[II] બર્નીહાટમાં સૌથી વધુ વાર્ષિક આધારે PM 10 સાંદ્રતા 301 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર જાહેર થઈ.

[III] બિહારનું બેગુસરાઈ (265 mg) અને UPનું ગ્રેટર નોઈડા (228 mg) સાથે બીજા અને ત્રીજા સ્થાને પ્રદૂષિત શહેરો.

[IV] સરકારે 2026 સુધીમાં આ શહેરોમાં પાર્ટિક્યુલેટ મેટર સાંદ્રતાને 40% સુધી ઘટાડવાનો લક્ષ્યાંક આપ્યો છે.

Current Affairs By C.H.Shingala GCPSC

## [*] DRDOની આકાશ - મિસાઈલ

[I] નવી પેઢીની આકાશ મિસાઈલનું ઓડિશા તટ પર ચાંદીપુરથી DRDOએ સફળ પરીક્ષણ કર્યું.

[II] આ પરીક્ષણ ખૂબ ઓછી ઊંચાઈએ ઉચ્ચ ગતિ વાળા માનવરહિત હવાઈ લક્ષ્યની વિરૂદ્ધમાં કરવામાં આવ્યું.

[III] પરીક્ષણમાં સ્વદેશી રીતે નિર્મિત રેડિયો ફ્રીક્વન્સી સીકર, લૉન્ચર, મલ્ટી-ફંક્શન રડાર અને કમાન્ડ, નિયંત્રણ અને સંચાર પ્રણાલી સામેલ હતા.

## [*] મલકાનગિરી હવાઈ મથક - ઓડિશા

[I] ઓડિશાના CM નવીન પટનાયકે આ હવાઈ મથકનું ઉદ્ઘાટન કર્યું.

[II] આ રનવેનું નિર્માણ 233 એકર ભૂમિ પર કરવામાં આવ્યું અને એરપોર્ટથી 9 સિટર વિમાનનું સંચાલન કરવામાં આવ્યું.

[III] ઓડિશામાં ચાર સ્થળો ભુવનેશ્વર, ઝારસુગુડા, રાઉરકેલા અને જયપોર હવાઈ મથકો છે. જ્યારે ક્લાહાંડી જિલ્લાના ઉત્કલા અને ગંજમમાં રેંઘુડામાં એરપોર્ટ બની રહ્યા છે.

[IV] આ સાથે નવીન પટનાયકે મલકાનગિરિમાં સત્તધારા નદી પર ગોવિંદપલ્લી સિંચાઈ યોજના પણ મંજૂર કરી.

Current Affairs By C.H.Shingala

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી

Crack GPSC

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC

FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

## [*] (17) જાન્યુઆરી થી (21) જાન્યુઆરી-2024 [*]

### [*] દેશનો બીજો F1 ટ્રેક ગિફ્ટ સિટીમાં બની શકે.

[I] ગુજરાત સરકાર ગિફ્ટ સિટીને વધુ નવા સ્તરે પહોંચાડવા માટે સતત કંઈક નવી યોજનાઓ બનાવવામાં આવી રહી છે. જેના ભાગ રૂપે સરકાર ગિફ્ટ સિટીમાં F1 ટ્રેક માટેની શક્યતાઓ ચકાસી રહી છે.

[II] ભારતમાં હાલ મોટર સ્પોર્ટ્સનો ક્રેઝ ખૂબ વધ્યો છે ત્યારે ભારતમાં હાલ માત્ર ગ્રેટર નોઈડા ખાતે જ F1 ટ્રેક છે. જો ગિફ્ટ સિટીમાં આ ટ્રેક બને તો તે ભારતનો બીજો ટ્રેક હશે.

[III] સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતે ગિફ્ટ સિટીમાં F1 રેસિંગ ટ્રેકની ફિઝિબિલિટી ચકાસવા અને તેના માટેનો પ્લાન તૈયાર કરવા ટેન્ડર બહાર પાડ્યું છે.

[IV] નોયડા ખાતેના બુદ્ધ ઈન્ટરનેશનલ સર્કિટ પર 2011 થી 2013 દરમિયાન ત્રણ F1 ગ્રાન્ડ પ્રીમિયરનું આયોજન કરાયું હતું.

### [*] ગાયક કલાકાર કિંજલ દવેને કોર્ટના તિરસ્કાર બદલ 1 લાખનો દંડ.

[I] ચાર-ચાર બંગડીવાળી ગાડી ગીતના કોપી રાઈટ વિવાદમાં ગાયિકા કિંજલ દવેને જાહેર, લાઈવમાં કે મીડિયામાં ગીત ગાવા પર પ્રતિબંધ મૂકવા છતાં નવરાત્રિમાં કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા ના પ્રોગ્રામમાં ગાવામાં આવ્યું હતું.

[II] ફરિયાદી રેડ રિબન એન્ટરટેઈનમેન્ટ તરફથી વકીલ અરજી અનુસાર અદાલતની તિરસ્કાર બદલ ફરિયાદીને 7 દિવસમાં રૂ.1 લાખ ચૂકવવા આદેશ કર્યો.

[III] જો 7 દિવસમાં રકમ ન ચુકવાય તો 7 દિવસની સાદી કેદનો આદેશ કર્યો છે.

## [*] ઈ-ચલણ મોબાઈલ એપ.

[I] વાહન ચાલકોને આપવામાં આવતા ઈ-ચલણમાંથી ખૂબ જ ઓછા લોકો દંડ ભરે છે. ત્યારે વાહનચાલકો તાત્કાલિક દંડ ભરે તે માટે ગુજરાત સરકારે ઈ-ચલણ એપ શરૂ કરી.

[II] નિયમોના ઉલ્લંઘન બદલ સ્પોટ પર જ મેમોથી ચલણ આપી ઓનલાઈન દંડ ભરાવી શકાશે. અથવા ૧૦ દિવસમાં દંડની ભરપાઈ કરવાની રહેશે. આમ ન કરવા પર કોર્ટ કેસ દાખલ કરી લાયસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી થશે.

[III] આ મોબાઈલ એપ 'વન નેશન, વન ચલણ' અભિયાનના ભાગરૂપે શરૂ કરવામાં આવી છે.

## [*] ટેનિસ સ્ટાર - સુમિત નાગલ

[I] ટેનિસ સ્ટાર સુમિત નાગલ કઝાકિસ્તાનના એલેક્ઝેન્ડર બુબ્લિકને હરાવી પ્રથમવાર ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચ્યા.

[II] વર્લ્ડ રેન્કિંગમાં 137માં નંબરના સુમિતે 27માં નંબરના ખેલાડી બુબ્લિકને સેટમાં હાર આપી.

## [*] સ્ટાર્ટઅપ નેશનલ રેન્કિંગમાં ગુજરાત ચોથીવાર આગળ.

[I] કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ એ નેશનલ સ્ટાર્ટઅપ ડે નિમિતે જાહેર કરેલા રેન્કિંગમાં બેસ્ટ પર્ફોર્મર રાજ્ય તરીકે સતત ચોથા વર્ષે ગુજરાત આગળ.

[II] ગુજરાત સાથે જ A કેટેગરીમાં કર્ણાટક, કેરળ, તમિલનાડુનો પણ સમાવેશ.

[III] રેન્કિંગ માટેના માપદંડો.

- ▷ ઈન્સ્ટિટ્યૂશનલ સપોર્ટ
- ▷ એક્સેસ ટુ માર્કેટ
- ▷ ફંડિંગ સપોર્ટ
- ▷ કેપેસિટી બિલ્ડિંગ ઓફ ઈનેબલર્સ ઈનેબલ
- ▷ રોડમેપ ટુ સસ્ટેનેબલ ફ્યૂચર
- ▷ ફોસ્ટરિંગ ઈનોવેશન એન્ડ આંતરપ્રિન્યોરશિપ.
- ▷ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સપોર્ટ.

Current Affairs By C.H.Shingala GPSC

**[X] કોચીન શિપયાર્ડ લિમિટેડ - ભારતને મેરીટાઈમ હબ બનાવશે**

[I] કોચી ખાતેના કોચીન શિપયાર્ડ લિમિટેડ ખાતે પ્રધાનમંત્રીએ રૂ. 4000 કરોડના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.

[II] કોચીન શિપયાર્ડ લિ. સાઉથ એશિયાની સૌથી મોટી શિપબિલ્ડીંગ અને શિપ રિપેર સુવિધા બનશે.

[III] ઇન્ટરનેશનલ શિપ રિપેર સુવિધા (ISRF) કોલંબો, દુબઈ, સિંગાપોર અને બહેરીન સમકક્ષ શિપ રિપેર કેન્દ્ર તરીકે ઉભરી આવશે. જેનાથી ભારતને વિદેશી આવકમાં વધારો થશે.

[IV] અહિં જ ભારતીય તેલનું LPG આયાત ટર્મિનલ બનશે જે 15,400 MT ની સંગ્રહ ક્ષમતાનું હશે. આ ટર્મિનલથી કેરળ અને તમિલનાડુમાં બોટલીંગ પ્લાન્ટ્સ માટે LPG વિતરણની ખાતરી મળશે. આ સાથે જ આ ટર્મિનલ વાર્ષિક 18,000 ટન $CO_2$ ઉત્સર્જન ઘટાડવા માટે પણ પ્રયત્ન કરશે.

[V] કોચી તમામ પ્રકારના જહાજોના રિપેરની જરૂરિયાત માટે વન સ્ટોપ સેન્ટર હશે. એરક્રાફ્ટ કેરિયર્સ, સુએઝ મેક્સ શિપ, LNG કેરિયર્સ, લાર્જ ડ્રેજર્સ જેવા મોટા શિપને હેન્ડલ કરી શકાશે.

→ ~~કેરળના~~

→ કેરળના મુખ્યમંત્રી → પિનરાયી વિજયન

→ કેરળના રાજ્યપાલ → આરીફ મોહમ્મદ ખાન

→ કેન્દ્રીય મંત્રી, બંદરગાહ, શિપીંગ અને જળમાર્ગ અને આયુષ → સર્બાનંદ સોનોવાલ

Current Affairs By C.J.Shingala
Crack GPSC

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

**✱ ભારત સરકારના GDP સમકક્ષ મુલ્યનું વધેલું દેવું.**

I) ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ (IMF)એ ભારતને ચેતવણી આપી છે કે સરકારનું દેવું (રાજ્ય + કેન્દ્ર) ભારતના GDP જેટલું થશે.

II) ઓગસ્ટ 1949માં બંધારણ સભાની ચર્ચામાં ડૉ. આંબેડકરે સંસદે કાયદો બનાવી સરકારના દેવાની સીમા નક્કી કરવા જણાવ્યું હતું (અનુ. 292) પરંતુ હાલ એ ન થતાં દેવામાં વધારો થયો છે.

III) કોઈ દેશનું કુલ જાહેર દેવું GDP સમકક્ષ પહોંચવાનો અર્થ એ છે કે આખો દેશ ભેગા મળી જેટલું ઉત્પાદન કરે છે તેની કુલ કિંમતથી વધુ દેવું સરકારે લઈ રાખ્યું છે. વિશ્વ બેંક અને IMFના માપદંડ અનુસાર દેશના જાહેર દેવાનું સ્તર મહત્તમ GDPના 60% હોવું જોઈએ.

Current Affairs By C.H.Shingala

IV) ભારત સંકટમાં મુકાયેલા દેશના એક એવા સમુહનો ભાગ છે જેમનું કુલ જાહેર દેવું તેમના GDPના 100% કે તેથી વધુ છે. જેમાં વેનેઝુએલા, ઈટાલી, પોર્ટુગલ, ઈજિપ્તનો, તથા ભૂતાન, સુદાનનો સમાવેશ થાય છે.

V) 2016માં દેવું GDPના 45% હતું જે 2020-21માં 60%. અને રાજ્યોનું દેવું 25% થી વધી 31% થયું છે.

VI) IMF અનુસાર સરકાર અને બેંકોના ગઠબંધનને કારણે બેંકોના કુલ દેવામાં સરકારી દેવાનો હિસ્સો 30%ની ઊંચાઈએ છે જેની સ્થિતિ પાક., ઘાના, ઈજિપ્તમાં સારી છે.

VII) સરકારે 2023-24માં 7% ના વ્યાજ દરે 15.43 લાખ કરોડનું દેવું કર્યું છે.

VIII) હાલ અમેરિકાનું દેવું તેના GDPથી પણ વધુ છે પરંતુ અમેરિકા દુનિયાની કેન્દ્રીય કરન્સી ડોલરનો માલિક છે. આથી સરકારના બોન્ડ દુનિયાનું સૌથી સલામત રોકાણ ગણાય છે. અને અમેરિકી સરકાર બંધારણીય સીમાથી દેવું પાર થતાં જ અટકી જાય છે જેથી જોખમી સ્થિતિમાં આવવાની શક્યતા નથી.

[ix] હાલ ભારતનું હવે દેશની બેંકોને એક ડૂમ લૂપમાં નાખી રહ્યું છે. ડૂમ-લૂપ એટલે કોઈ દેશની સરકાર પોતાની બેંકો પાસેથી લોન લેતા-લેતા ડિફોલ્ટ થઈ જાય અને બેન્ક અને સરકાર બંને નાણાકીય રીતે ડૂબે. 1998માં રશિયા, 2001-02માં આર્જેન્ટિના પણ આ સ્થિતિમાં આવ્યા હતા.

[*] જળવાયુ પરિવર્તન અને સત્તાધીશોની ઉદાસીનતા બાબત

[I] એકવીસમી સદીની શરૂઆતથી હવામાન અને વરસાદમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ઠંડી અને ગરમીની ઋતુ શરૂ થવાના સમયગાળામાં ફેરફાર થયો છે અને આ સમયગાળો પાછળ જવા પામ્યો છે.

[II] અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અલ ગોર અને રાજેન્દ્ર કુમાર પચૌરી દ્વારા થયેલા સંશોધન અનુસાર તાપમાનનો એક ડિગ્રીનો વધારો ઘઉં અને ચોખાના ઉત્પાદનમાં 10થી 15 ટકાના ઘટાડાનો પુરાવો છે.

[III] આજ રીતે કેટલાક વર્ષોમાં રણ પ્રદેશમાં વરસાદને લીધે જળબંબાકાર તો કેટલાકમાં કમોસમી વરસાદ, વાવાઝોડાને લીધે તારાજી પણ જોવા મળી છે.

Current Affairs By C.H.Shingala GPSC

[*] ઈરાને પાક. પર સર્જિકલ સ્ટ્રાઈક કરી.

[I] ઈરાને જૈશ અલ અદલ પાક. આતંકી સંગઠન પર સ્ટ્રાઈક કરતાં બંને દેશો વચ્ચે તણાવ વધ્યો.

[II] પાક.ના બલુચિસ્તાન પ્રાંતમાં થયેલ આ હુમલાથી પાકે. ઈરાનથી પોતાના રાજદૂત પરત બોલાવવાની જાહેરાત કરી. અને સાથે જ વિદેશ મંત્રીના પ્રવક્તા મુમતાઝ જહરાએ ઈરાનના રાજદૂતને પાક. આવવાની મનાઈ ફરમાવી.

[*] જગન્નાથ મંદિર હેરિટેજ કોરિડોર પરિયોજના (શ્રીમંદિર પરિક્રમા પ્રકલ્પ).

[I] ઓડિશાના પુરી ખાતે આ પરિયોજના ખુલ્લી મુકવામાં આવી. આ યોજના શહેરને વિશ્વ ધરોહર બનાવવાની સરકારની પહેલનો ભાગ છે

[II] 75 મીટરનો કોરિડોર જગન્નાથ મંદિરની મેઘનાદ પચેરીની ચારે બાજુ રસ્તો છે. તથા આ યોજનાની શરૂઆત સાથે અહિં મહાયજ્ઞ આયોજિત કરાયો જેનું સમાપન પુરી ગજપતિ રાજા દિવ્યસિંઘા દેવ દ્વારા કરાશે.

[III] પુરી જગન્નાથ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે તથા તેનું નિર્માણ અવંતીના રાજા ઈન્દ્રદ્યુમને કરાવ્યું હતું.

[*] 9 મો આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન મહોત્સવ - હરીયાણા (ફરીદાબાદ)

[I] કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું.

[II] આ આયોજન ટ્રાંસલેશન હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ અને જૈવ તકનીકી વિભાગના ક્ષેત્રીય જૈવ પ્રૌદ્યોગિકી કેન્દ્રમાં કરાયું.

[III] મહોત્સવનો વિષય - 'અમૃતકાળમાં વિજ્ઞાન અને ટેકનોલોજી સાર્વજનિક લોકસંપર્ક'. આ આયોજનનો ઉદ્દેશ્ય વિજ્ઞાન સાથે જોડાવાનો છે.

[IV] આંત. વિજ્ઞાન મહોત્સવ 2015 થી આયોજિત થાય છે જેમાં 2021થી અંતરિક્ષ અને પરમાણુ ઊર્જા વિભાગ તેમાં ભાગ લઈ રહ્યું છે.

Current Affairs By C.H.Chingala

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

**[*] સિક્કિમમાં અતિ દુર્લભ તિબેટી ભૂરું રીંછ જોવા મળ્યું.**

[I] સિક્કિમ વન વિભાગ અને WWF ઈન્ડિયાએ સ્થાપિત ટ્રેપ કેમેરામાં આ રીંછ જોવા મળ્યું. જેનાથી ભારતના સસ્તનવર્ગની એ ઉપપ્રજાતિમાં વધારો થયો.

[II] આ રીંછ સામાન્ય રીતે સર્વાહારી છે અને મર્મોટ તથા આલ્પાઈન વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.

[III] આ રીંછ 4000 મીટરથી વધુની ઊંચાઈ વાળા હિમાલયી ક્ષેત્રમાં આલ્પાઈન જંગલો, ઘાંસના મેદાનોમાં રહેઠાણ ધરાવે છે.

[IV] આ રીંછ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972ની અનુસૂચી 1 અંતર્ગત અતિ દુર્લભ પ્રજાતિમાં સંરક્ષિત છે.

[V] આ રીંછને લુપ્તપ્રાય પ્રજાતિના આંતરરાષ્ટ્રીય વેપાર કન્વેંશન (CITES)ના પરિશિષ્ટ I માં સંરક્ષિત પ્રજાતિના રૂપમાં સૂચિબદ્ધ થયેલ છે.

**[*] મોલાસીસની નિકાસ પર 50% શુલ્ક લાગુ**

[I] સરકારે મોલાસિસની નિકાસ પર 50% શુલ્ક લગાવ્યું. જેનો ઉપયોગ દારૂના ઉત્પાદન માટે કરવામાં આવે છે.

[II] ખાંડના ઉત્પાદન દરમિયાન મોલાસીસ ઉપપેદાશ તરીકે મળે છે. ભારતે 101.33 મિલિયન ડોલરના 2023ના નવેમ્બર સુધીમાં મોલાસીસની નિકાસ કરી.

**[*] સરકારે 2030 સુધીમાં માર્ગ દુર્ઘટનામાં થનાર મૃત્યુમાં 50%ના ઘટાડાનું લક્ષ્યાંક આપ્યું.**

[I] કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ આ લક્ષ્યાંક આપ્યું છે. તેમણે જણાવ્યું છે કે માર્ગ સુરક્ષા પર લોકોને જાગૃત કરવા અને માનવ વ્યવહારમાં બદલાવ લાવવા વિવિધ અભિયાનોની જરૂર છે.

[II] ભારતમાં દર કલાકે માર્ગ દુર્ઘટનામાં 53 લોકો ઘાયલ થાય છે અને 19નાં મોત થાય છે.

[III] માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના રિપોર્ટ અનુસાર ભારતમાં માર્ગ દુર્ઘટનાની સંખ્યા 12% વધીને 4.6 લાખથી વધુ 2022માં થઈ.

Current Affairs By C.H.Shingala GPSC

## [✱] રાતા સમુદ્રના સંકટને કારણે ભારતમાં તેલની કિંમત વધી શકે.

[I] લાલ સમુદ્રમાં વ્યાપારી જહાજો પર હાઉતી હુમલાઓથી ભારત સહિત તેલની આયાત કરતા દેશો પર નકારાત્મક પ્રભાવ પડી શકે છે.

[II] યમનમાં હાઉતી વિદ્રોહિઓએ ગાઝામાં યુદ્ધના જવાબમાં વાણિજ્યિક શિપિંગ જહાજો પર હુમલો કર્યો છે. હુમલા બાબ અલ-મંદબ રૂટ પાસે કેન્દ્રિત છે. જેનાથી સમુદ્રી અવર-જવર પ્રભાવિત થશે.

### ⊙ હાઉતી ઉગ્રવાદીઓ ⊙

▷ હાઉતી ઉગ્રવાદીઓને ઔપચારિક રૂપથી અંસાર અલ્લાહ કે 'ભગવાનના પક્ષપાતી' તરીકે ઓળખવામાં આવે છે.

▷ તેમને ઈરાનનું સમર્થન પ્રાપ્ત છે અને તેઓ લાલ સમુદ્ર તટ સહિત યમનના પશ્ચિમ ભાગને નિયંત્રિત કરે છે.

▷ તેમણે ફિલિસ્તાની આતંકી સમૂહ હમાસ પ્રત્યે સમર્થન દર્શાવવા લાલ સાગરમાં વાણિજ્યિક જહાજો પર હુમલો કર્યો. અને તેઓ ઈઝરાયેલી જહાજોને રોકવા માંગે છે.

### ⊙ લાલ સમુદ્રનું મહત્વ ⊙

▷ લાલ સમુદ્ર દુનિયાનું સૌથી ઝડપી શિપિંગ ચેનલો માંનું એક છે.

▷ તે યુરોપને એશિયા અને પૂર્વ આફ્રિકા સાથે જોડતો મહત્વનો માર્ગ છે.

▷ વૈશ્વિક વેપારનો 12% હિસ્સો લાલ સમુદ્ર મારફતે થાય છે.

Current Affairs By C.H Shingala
Crack GPSC
કરન્ટ અફેર્સ
Daily કરન્ટ અફેર્સ PDF આપને
ટેલિગ્રામ ચેનલમાં મળશે.
/CrackGPSCapp

(*) રાવ ઈન્દ્રજીત સિંહે એમપીલેડ્સ-ઈ-સાક્ષી મોબાઈલ એપ લોન્ચ કરી.

[I] રાવ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના રાજ્યમંત્રી છે. આ એપ એમપીલેડ યોજના હેઠળ સંશોધિત ફંડ ફ્લો પ્રક્રિયા માટે કામ કરશે.

[II] એપથી સાંસદો તેમના કાર્યક્ષેત્રની પરિયોજનાઓના પ્રસ્તાવ, ટ્રેકિંગ અને નિગરાની રાખી શકશે. જેનાથી નિર્ણય લેવાની પ્રક્રિયા ઝડપી બનશે તથા સાંસદો અને સંબંધિત અધિકારી વચ્ચે સંચાર માધ્યમમાં સુવ્યવસ્થા સ્થપાશે.

• એમપીલેડ્સ યોજના •

▷ 1993 ડિસે. માં લોન્ચ કરવામાં આવી જે એક કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે અને સંપૂર્ણ રીતે ભારત સરકાર દ્વારા નાણાં સહાય મેળવી રહી છે.

▷ આ યોજના હેઠળ પ્રત્યેક સાંસદને તેના સંસદીય ક્ષેત્રના વિકાસ માટે દર વર્ષે રૂ. 5 કરોડ અપાશે. અને યોજનાનું સંચાલન આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા થશે.

▷ લોકસભાના સભ્ય તેના મતવિસ્તારનો કોઈ એક જિલ્લો પસંદ કરી શકે છે જ્યારે રાજ્યસભાના સભ્ય તેના રાજ્યનો કોઈ એક જિલ્લો પસંદ કરી શકે છે. જ્યારે બંને ગૃહના નામાંકિત થયેલા સભ્યો દેશનો કોઈ પણ જિલ્લો પસંદ કરી શકે છે.

(*) પક્કે પાગા હોર્નબિલ ફેસ્ટિવલની 9મી આવૃત્તિ

[I] પક્કે પાગા હોર્નબિલ ફેસ્ટિવલ અરુણાચલ પ્રદેશનો રાજ્ય તહેવાર છે. જે વન્યજીવ સંરક્ષણ અને વિશેષરીતે હોર્નબિલ પક્ષી કે જે રાજ્યપક્ષી છે તેના પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

[II] અરુણાચલના પક્કે વાઘ રીઝર્વમાં હોર્નબિલની ચાર પ્રજાતિ જોવા મળે છે જેમાં વ્રીથેડ, ગ્રેટ ઈન્ડિયન, ઓરિએન્ટલ પાઈડ અને લુપ્તપ્રાય રુફસ-નેક્ડનો સમાવેશ થાય છે.

[III] આ વર્ષે આ ઉત્સવનો વિષય 'હોમુતોહ, હોમુતોહ, પાગા હમ હોમુતોહ' છે. જેનો સ્થાનિક ન્યીશી ભાષામાં અર્થ 'હમારે હોર્નબિલ્સ કો રહને દો' થાય છે.

Current Affairs By C.H.Shingala

## [*] મત્સ્ય ઉત્પાદન વધારવા કૃત્રિમ ખડકો બનાવવાની યોજના

[I] કેન્દ્રીય મત્સ્ય પાલન મંત્રી શ્રી પરસોતમ રૂપાલાએ વિઝિંજમ, તિરૂવનંતપુરમમાં સમુદ્ર તળે કૃત્રિમ ખડકો બનાવવાની યોજના શરૂ કરી. જે કેન્દ્ર અને રાજ્ય સરકારની એક સંયુક્ત પહેલ છે.

[II] આ પહેલનો ઉદ્દેશ્ય ક્ષેત્રમાં માછલીની સંખ્યામાં વધારો લાવી માછીમારોની આવક વધારવાનો છે. જે માટે કેન્દ્રીય સમુદ્રી મત્સ્ય અનુસંધાન સંસ્થાની તકનીકી સહાયતાથી કેરળ રાજ્ય તટીય ક્ષેત્ર વિકાસ નિગમ પરિયોજના અમલમાં મૂકશે.

[III] પ્રથમ ચરણમાં તિરૂવનંતપુરમના પોઝિયૂરથી વર્કલા સુધી માછલી પકડતા 42 ગામોમાં 6300 કૃત્રિમ ખડકો મૂકાશે.

[IV] આ ખડકો માછલીઓ માટે આવાસ બનશે અને પ્રજનન તથા સ્થાયી અસ્તિત્વ માટે અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરશે.

## [*] LIC સૌથી વધુ મૂલ્યવાન PSU બની

[I] મે 2022માં સૂચીબદ્ધ થયા બાદ પ્રથમવાર LICના શેરની કિંમત રૂ.900 સુધી પહોંચી. જે ભારતીય સ્ટેટ બેંકથી પણ વધુ છે.

[II] LICની બજાર મૂડી રૂ. 5.66 લાખ કરોડને પાર થઈ. જ્યારે SBIની બજાર મૂડી રૂ. 5.63 લાખ કરોડ છે.

[III] LICમાં સરકાર 96.5% ભાગીદારી ધરાવે છે.

**[*] ભારતીય સેનાએ સંપૂર્ણ સુરક્ષિત મોબાઈલ તંત્ર 'સંભવ' વિકસિત કર્યું.**

[I] સંભવ એક સંપૂર્ણ સુરક્ષિત મોબાઈલ ઈકોલોજિકલ તંત્ર છે જે ભારતીય સેના દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

[II] સંભવ (સિક્યોર આર્મી મોબાઈલ ભારત વર્ઝન) ઈકોસિસ્ટમ અત્યાધુનિક 5G ટેકનોલોજી પર કામ કરે છે. જેને શિક્ષા અને ઉદ્યોગના રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રના સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. જે 'આત્મનિર્ભર ભારત' પહેલનો એક ભાગ છે.

[III] આ સિસ્ટમ આર્મીની બેવડી ઉપયોગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નાગરિક લશ્કરી મિશ્રણ તકનીક છે. જે ભારતીય સેના દ્વારા શરૂઆતી તૌર પર 35000 અને બાદમાં 2500 સેટ બે ભાગમાં શરૂ કરશે.

**[*] ગ્લોબલ ફાયર પાવર રેન્કિંગ - ભારત ચોથા સ્થાને**

[I] ગ્લોબલ ફાયર પાવર રેન્કિંગ અનુસાર ભારતે પોતાનું સ્થાન જાળવી રાખી ચોથા સ્થાને રહ્યું.

[II] આ યાદીમાં સંયુક્ત રાજ્ય અમેરિકા સૌથી શક્તિશાળી સૈન્ય ધરાવનાર અને ત્યારબાદ બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમ રશિયા અને ચીનનો સમાવેશ થાય છે.

[III] GFP રેન્કિંગમાં 0.000 નો સ્કોર પરફેક્ટ માનવામાં આવે છે. ત્યારે અમેરિકા-0.0699, રશિયા-0.0702, ચીન-0.0706 અને ભારત-0.1023 નો સ્કોર ધરાવે છે.

[IV] યાદીમાં સામેલ 145 દેશોમાં ભૂટાન-6.3704 સ્કોર સાથે સૌથી ઓછું શક્તિશાળી સૈન્ય ધરાવે છે. ત્યારબાદ મોલ્ડોવા (5.2311) અને સૂરીનામ (3.9038) નો સમાવેશ થાય છે.

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

## [*] કાર્બી યુવા મહોત્સવ- સ્વર્ણજયંતી મહોત્સવ

I રાષ્ટ્રપતિ મુર્મૂએ આસામના દીફૂમાં કાર્બી આંગલોંગ જિલ્લા મુખ્યાલયમાં આ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું.

II આસામના રાજ્યપાલ ગુલાબ ચંદ કટારિયા અને મુખ્યમંત્રી ડૉ. હિમંત બિસ્વા સરમા આ સમારોહમાં સામેલ થયા.

III કાર્બી યુવા મહોત્સવ પૂર્વોત્તર ભારતનો સૌથી પ્રાચીન અને મોટો તહેવાર છે. જે કાર્બી આંગલોંગ સ્વાયત્ત પરિષદ અને અન્ય જાતીય સમુદાયો દ્વારા મનાવાય છે.

IV વર્ષ ૨૦૨૫માં સ્વર્ણ જયંતીના ભાગ રૂપે ઉત્સવનું આયોજન 5 દિવસથી વધારી 8 દિવસ કરાયું. જેનો ઉદ્દેશ્ય કાર્બી સમુદાયની જીવંત સંસ્કૃતિ અને વિરાસતને પ્રદર્શિત કરવાનો છે.

V કાર્બી સમુદાય આસામના કાર્બી આંગલોંગ જિલ્લાનો સ્વદેશી સમુદાય છે. જે જાતીય રીતે નાગા સમુદાય સાથે સંબંધ ધરાવે છે.

## [*] CM જગનમોહન રેડ્ડીએ વિજયવાડામાં ડૉ. બી. આર. આંબેડકરની પ્રતિમા ('સામાજિક ન્યાયની પ્રતિમા')નું અનાવરણ કર્યું.

I આંધ્રપ્રદેશ સરકારે બનાવેલ 206 ફૂટની આ પ્રતિમા સમગ્ર વિશ્વની સૌથી ઊંચી આંબેડકરની મૂર્તિ છે.

II પ્રતિમાનું નિર્માણ 81 ફૂટના સ્ટેજ પર 125 ફૂટ ઊંચી પ્રતિમા તરીકે કરાયું છે.

III ડૉ. આંબેડકરે શિક્ષાને દલિત વર્ગ સુધી પહોંચાડવા અને અસ્પૃશ્યતા દૂર કરવા માટે વિવિધ વિદ્રોહો કર્યા હતા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદા મંત્રી હતા અને તેમણે ભારતમાં દલિત બૌદ્ધ આંદોલનની શરૂઆત કરી હતી.

Current Affairs By C.P. Shingala GPSC

# [*] 23 જાન્યુઆરી 2024 [*]

**[*] પાકિસ્તાને ઈરાનના અલગાવવાદી સ્થળો પર સૈન્ય હુમલો કર્યો.**

I) પાક. સરહદમાં ઈરાની હુમલા બાદ પાક. આ હુમલો કર્યો. ઈરાની હુમલામાં પાક.ના બલુચિસ્તાન પ્રાંતના બે બાળકોના મોત થયા તથા અનેક ઘાયલ થયા હતા.

II) ઈરાન-પાક. વચ્ચે 900km ની સરહદ છે. અને પાક.નો બલુચિસ્તાન પ્રાંત ઈરાનના સિસ્તાન સાથે સીમા ધરાવે છે.

III) ઈરાનનો આરોપ છે કે સુન્ની આતંકવાદી જૈશ-અલ-અદલ સમૂહ ઈસ્લામિક સ્ટેટ સાથે સંબંધિત છે અને 3 જાન્યુ.એ ઈરાનના કરમાનમાં થયેલા હુમલામાં તેની ભૂમિકા મહત્વની છે.

IV) આ સમૂહનું લક્ષ્ય ઈરાનના સિસ્તાન અને બલૂચિસ્તાન પ્રાંતને સ્વતંત્ર કરવાનું છે.

V) પાક. એક સુન્ની બહુમત દેશ છે જ્યારે ઈરાન શિયા બહુમત દેશ છે. જેના ધાર્મિક મતભેદોના કારણે બંને વચ્ચે હુમલાઓ થયા.

**[*] ખેલો ઈન્ડિયા ગેમ્સની 6ઠ્ઠી આવૃત્તિ**

I) PM મોદીએ 19 જાન્યુઆરીએ ચેન્નઈના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં ખેલો ઈન્ડિયા ગેમ્સનું ઉદ્ઘાટન કર્યું.
પ્રથમવાર આ ગેમ્સનું આયોજન દક્ષિણ ભારતમાં થયું છે.

II) આ ગેમ્સ તમિલનાડુના ચાર શહેરો ચેન્નઈ, મદુરાઈ, ત્રિચી અને કોઈમ્બતૂરમાં રમાશે. જેમાં સાયકલ રાઈડ, જિમનાસ્ટિક, તરણ, હોકી, શૂટિંગ, યોગ, કુશ્તી વગેરે સામેલ છે.

III) રમતના લોગોમાં કવિ તિરુવલ્લુવર સામેલ છે તથા શુભંકર તરીકે 'વીરા મંગાઈ' છે. રાણી વેલુ નાચિયાર, જેને પ્રેમથી વીરા મંગાઈથી ઓળખવામાં આવતા.

Current Affairs By C.H. Shingala
GPSC

*** ભારતીય કેપ્ટન રોહિત શર્મા T20 આંતરરાષ્ટ્રીય મેચમાં 5 સદી મારનાર પ્રથમ ખેલાડી બન્યા.**

[I] બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ત્રણ મેચોની શ્રૃંખલામાં અફઘાનિસ્તાનની વિરુદ્ધમાં 121 રન બનાવ્યા.

[II] અગાઉ હમવતન સૂર્યકુમાર યાદવ અને ગ્લેન મેક્સવેલ -ને પાછળ રાખી રોહિત શર્માએ 5 સદી ફટકારી રેકોર્ડ તોડ્યો.

[III] સચિને ટેસ્ટમાં 51, કોહલીએ વનડેમાં 50 અને રોહિતે T20માં 5 સદી મારી છે.

*** ગુટનિરપેક્ષ આંદોલન -19મું શિખર સંમેલન - 19 જાન્યુ. 2024**

[I] વિદેશ મંત્રી એસ. જયશંકર યુગાંડાના કંપાલામાં આયોજિત થનાર ગુટનિરપેક્ષ (Non-aligned (અસંગઠિત)) સંમેલનમાં ભાગ લેશે.

[II] યુગાંડા 2022-2025 સુધી આફ્રિકા તરફથી ગુટનિરપેક્ષ આંદોલનની અધ્યક્ષતા કરશે.

[III] આ સંમેલનની અવધારણા દ્વિતીય વિશ્વ યુદ્ધની પૃષ્ઠભૂમિ પરથી ઉતરી આવેલ છે.

[IV] યુગોસ્લાવિયા, મિસ્ર, ભારત, ઘાના, ઈન્ડોનેશિયાના નેતાઓ 1955માં બાંડુંગ સંમેલનમાં ગુટનિરપેક્ષ સિદ્ધાંત માટે સહમત થયા.

▷ બીજા વિશ્વયુદ્ધ બાદ જે દેશો સંસ્થાનવાદથી સ્વતંત્ર રહ્યા અર્થાત કે સોવિયેત યુનિયન અને US માં જોડાયા વગર બિન જોડાણવાદની નીતિ અપનાવી તેઓએ ગુટનિરપેક્ષ એટલે કે બિન જોડાણવાદી ચળવળની સ્થાપના કરી.

▷ 1961માં પ્રથમવાર આ સંમેલન યુગોસ્લાવિયાના બેલગ્રેડમાં ભરાયું જેમાં 25 દેશોએ ભાગ લીધો હતો.

▷ તે UN બાદ સૌથી મોટું રાજકીય સંકલન અને પરામર્શ પ્લેટફોર્મ છે.

Current Affairs By C.H.Shingala GPSC


UPSC, GPSC વર્ગ 1, 2 અને વર્ગ 3 (પ્રિલીમ/મુખ્ય)
તથા કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે

UP TO **40%** OFF

# આધુનિક ભારતનો ઈતિહાસ

**નવી પરીક્ષા પદ્ધતિ મુજબ ઊંડાણ પૂર્વક તૈયારી માટે**

- '**એક બુક, બધી જ પરીક્ષાઓ**' કન્સેપ્ટ.
- **NCERT** અને **નેશનલ લેવલ**નાં હિંદી અને અંગ્રેજી માધ્યમનાં પુસ્તકો, મેગેઝિન્સ, ઓનલાઈન મટીરીયલ અને સારા સંદર્ભ ગ્રંથોનો એક જ પુસ્તકમાં સમાવેશ.
- ઓથેન્ટિક માહિતી સાથે અપડેટ કરીને પુસ્તકને **અપ ટુ ડેટ** અને **ઓથેન્ટિક** બનાવવામાં આવ્યું છે.
- ખૂબ જ ઓછા સમયમાં અને **ઊંડાણપૂર્વક પરીક્ષાલક્ષી તૈયારી** કરવા ખૂબ જ ઉપયોગી.
- આપ જો **યોગ્ય દિશામાં, ઓછી છતાં પૂરતી મહેનત**થી, ઓછા વાંચનથી છતાં સંપૂર્ણ તૈયારી કરવા માગો છો, તો **આ પુસ્તક અવશ્ય વાંચો.**




MRP. ~~380/-~~ Only @ 230/-

**ORDER**
Visit website **crackgpsc.com/books** **OR** અથવા **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR** અથવા નીચે આપેલ **QR કોડ** **દ્વારા પેમેન્ટ કરો.**

**ડેમો કોપી એપમાં મટીરીયલ સેક્શનમાં ઉપલબ્ધ**

**કુરિયર સર્વિસ FREE**
(4 થી 7 દિવસમાં ડિલીવરી)

**Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય**

**વધુ માહિતી / ઓર્ડર માટે**

**CLICK HERE**

અથવા સ્કેન કરો

**QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 7600051070 પર Whatsapp કરો.**

**For help** WhatsApp અથવા કોલ કરો : 76000 51070

## ✻ NHAI ની 'એક વાહન, એક ફાસ્ટેગ' પહેલ.

I ઈલેક્ટ્રોનિક ટોલ સંગ્રહ સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા અને ટોલપ્લાઝા પર ઝડપી આવનજાવન વધારવા આ પહેલ શરૂ કરવામાં આવી.

II આ પહેલનો ઉદ્દેશ્ય અનેક વાહનો માટે એક ફાસ્ટેગ અથવા એક વાહન માટે વધુ ફાસ્ટેગના ઉપયોગને અટકાવવાનો છે.

III આ માટે NHAI એ ફાસ્ટેગ વિતરક પ્રણાલીઓ સાથે KYC અનિવાર્ય બનાવ્યું છે. અને KYC અપડેટ ન કરવા પર 31 જાન્યુ., 2024 બાદ ડી-એ ફાસ્ટેગ રદ કરવાની જોગવાઈ જાહેર કરી છે.

IV હાલ ભારતમાં લગભગ 98% વાહનો (8 કરોડથી વધુ) ફાસ્ટેગ ધરાવે છે.

## ✻ ફારસી ભાષાની 9 શાસ્ત્રીય ભાષાઓમાંથી એકમાં સમાવેશ

I નવી શિક્ષણ નીતિ અંતર્ગત ભારત સરકારે ફારસીને ભારતની 9 શાસ્ત્રીય ભાષાઓ માંથી એક તરીકે સામેલ કરવાનો નિર્ણય કર્યો. આ જાહેર ઈરાનની મુલાકાતે ગયેલા ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે કરી છે.

II આ સમાવેશથી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ફારસની સમૃદ્ધ વિરાસતને વધારવાનો મોકો મળશે તથા ઈરાન અને ભારત વચ્ચે સાંસ્કૃતિક, સાહિત્યિક અને ભાષા સંબંધિત વ્યવહાર મજબૂત બનશે.

III વર્ષ 2004માં તમિલને ભારતની પ્રથમ શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

IV આ ઉપરાંત સંસ્કૃત (2005), કન્નડ (2008), તેલુગુ (2008), મલયાલમ (2013), ઓડિયા (2014) ને ભારત સરકારે બંધારણની અનુસૂચિ આઠ અંતર્ગત શાસ્ત્રીય ભાષામાં સમાવિષ્ટ કરી છે.

Current Affairs By C.H. Shingala

**[*] વડનગર ખાતેથી 800 ઈ.સ. પૂર્વેના માનવ વસ્તીના અવશેષો મળી આવ્યા.**

[I] ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગર ખાતેથી આ અવશેષો મળી આવ્યા, જેનું અધ્યયન ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા, ખડગપુર, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલય અને ડેક્કન કોલેજ દ્વારા કરવામાં આવ્યું.

[II] અવશેષથી જાણવા મળ્યું છે કે આ વસ્તી ઉત્તર-વૈદિક/પૂર્વ-બૌદ્ધ મહાજનપદ કે કુળતંત્ર ગણરાજ્ય સમકક્ષ હતી. જેનું પતન જળવાયુ પરિવર્તન, દુષ્કાળના કારણે થયાનું માનવામાં આવે છે.

[III] વડનગર સિંધુ ઘાટી સભ્યતાનું સાત સાંસ્કૃતિક ચરણમાં ઉપસ્થિત બહુસાંસ્કૃતિક અને બહુધાર્મિક સ્થળ માનવામાં આવે છે.

**[*] રંજન ગોગોઈને આસામનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર**

[I] ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ અને રાજ્યસભા સાંસદ રંજન ગોગોઈને આસામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'અસમ વૈભવ' થી સન્માનિત કરાયા.

[II] આ પુરસ્કાર ન્યાય વિતરણને વિસ્તારીત કરવા અને ન્યાયશાસ્ત્રને સમૃદ્ધ કરવાના પ્રયાસોને સન્માનિત કરવા અપાય છે.

[III] 2023નો આ પુરસ્કાર તપન સૈકિયાને અપાયો હતો.

યાદ રાખો :)

▷ નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં 'વિંગ્સ ઈન્ડિયા એવોર્ડ્સ'ની ચોથી આવૃત્તિમાં બેંગલુરુ અને દિલ્હી એરપોર્ટને સંયુક્ત રીતે સર્વશ્રેષ્ઠ એરપોર્ટ પુરસ્કાર અપાયો.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] 24 જાન્યુઆરી - 2024 [*]

### [*] અયોધ્યા રામ મંદિર - નાગર શૈલીનું બાંધકામ.

[I] અયોધ્યા રામ મંદિર નાગર શૈલીના વાસ્તુકલાથી પ્રેરિત છે. આ મંદિરની ડિઝાઈન ચંદ્રકાંત સોમપુરા અને તેમના પુત્ર આશીષ સોમપુરાએ તૈયાર કરી છે.

[II] આ મંદિર પથ્થરમાંથી બનાવાયું છે તથા સંપૂર્ણ રીતે ભૂકંપ પ્રતિરોધક છે જે તેને દીર્ઘાયું આપશે.

[III] મૈસૂરના મૂર્તિકાર અરૂણ યોગીરાજે રામલલ્લાની 51 ઈંચની કાળા પથ્થરની મૂર્તિ બનાવી છે જેને ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે. (4.24 ફૂટ, ઊંચાઈ ; 3 ફૂટ પહોળાઈ, 200kg વજન)

**• મૂર્તિમાં સમાવિષ્ટ અન્ય બાબતો •**

- ▷ ભગવાન વિષ્ણુના દશાવતારની કોતરણી.
  મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ, કલ્કિ.
- ▷ કમળ, હનુમાન, ગરૂડ, સ્વસ્તિક, ॐ, શંખ, ગદાની કોતરણી.

### * મંદિરની નાગર શૈલી *

→ નાગર શૈલી ઉત્તર ભારતમાં જોવા મળે છે. જેને ઓડિશા, ખજુરાહો, સોલંકી વગેરે ક્ષેત્રોના આધારે વિવિધ શૈલીમાં વિભાજિત કરવામાં આવે છે.

→ મંદિર - [જગતી] નામક એક ઊંચા મંચ પર બનાવાય છે. તથા ગર્ભગૃહની સામે [મંડપ] બનાવવામાં આવે છે.

→ ગર્ભગૃહની ઉપર પિરામિડ આકારની [શિખર] રચના જોવા મળે છે.

### * રામ મંદિર અયોધ્યાની વિશેષતા *

- ▷ ઊંચાઈ - 161 ફૂટ, ત્રણ માળ.
- ▷ 160 સ્તંભો પર સ્થિત.
- ▷ કુલ - 12 દ્વાર.
- ▷ મુખ્ય મંદિર - 2.7 એકર વિસ્તારમાં સ્થિત.

Current Affairs By C.H.Shingala

## [*] ઓપરેશન સર્વશક્તિ - ભારતીય સેના

[I] ભારતીય સેનાએ કાશ્મીરમાં આતંકી પ્રવૃત્તિઓને અટકાવવા માટે આ ઓપરેશન લોન્ચ કર્યું. જેનુ મુખ્ય લક્ષ્ય પાક. તરફી આતંકી પ્રવૃત્તિનું પુનરુત્થાન અટકાવવાનું છે.

[II] પાક. સમર્થિત આતંકી સમૂહો રાજૌરી પુંછ ક્ષેત્રમાં હિંસા વધારવાના પ્રયાસો કરી રહ્યું છે જેમાં હાલમાં જ 20 જેટલાં સૈનિકો શહિદ થયા છે.

[III] આ ઓપરેશન ખાસ કરીને પીર પંજાલ પર્વતમાળાની બંને તરફથી આતંકવાદ વિરોધી અભિયાન તરીકે કામ કરશે.

[IV] આ ઓપરેશન 2003માં પીર પંજાલ રેન્જની દક્ષિણ ક્ષેત્રમાં આતંકવાદને ખતમ કરવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવ્યું હતું.

## [*] ભારત બહારના દેશોમાં UPI ને વિસ્તારવા ગૂગલ પે ઈન્ડિયા અને NPCI ઇન્ટરનેશનલ વચ્ચે સમજૂતી.

[I] આ MOUના મુખ્ય ત્રણ ઉદ્દેશ્ય.

- ભારત બહાર યાત્રીઓ માટે UPI ચૂકવણીનો ઉપયોગ વધારવો, જેમાં વિદેશમાં આસાનીથી લેણદેણની મંજૂરી મળે.
- અન્ય દેશોમાં UPI સિસ્ટમ લાગૂ કરવામાં મદદ મળે.
- UPI ની સુવિધા ઉપયોગ કરનાર દેશો વચ્ચે આદાન-પ્રદાન સરળ બનાવવું.

[II] 2023માં NPCI એ સિંગાપુર, ઓસ્ટ્રેલિયા, કેનાડા, હોંગકોંગ અને UK સહિત દશ દેશોમાં મોબાઈલ નંબર આધારિત લેણદેણ સુવિધા શરૂ કરી હતી.

(યાદ રાખો)

→ પેપ્સિકો ઈન્ડિયાએ જાગૃત કોટેચાને મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) નિયુક્ત કર્યા.

→ માછીમારોને તત્કાલ સ્થિતિમાં એલર્ટ માટે ડિસ્ટ્રેસ એલર્ટ ટ્રાન્સમિટર (DAT-SG) ઈસરોએ લોન્ચ કર્યું.

**[*] જાપાનનું ચંદ્રયાન અંતરીક્ષમાં લેન્ડ થતાં ચંદ્ર પર પહોંચનાર જાપાન ૫મો દેશ બન્યો**

[I] જાપાની અંતરિક્ષ યાન સ્માર્ટ લેન્ડર ફોર ઈન્વેસ્ટિગેટિંગ મૂન (SLIM) ચંદ્ર પર પહોંચ્યું.

[II] ચંદ્ર પર પહોંચવાની બાબતમાં સંયુક્ત રાજ્ય અમેરિકા, સોવિયત સંઘ, ચીન અને ભારત બાદ જાપાન-5મો દેશ બન્યો.

[III] જાપાનના આ મિશનનો ઉદ્દેશ્ય નવી લેન્ડિંગ તકનીકનું પરીક્ષણ કરવાનો છે જે ચંદ્રમા મિશનોને ત્યાં ઉતરવા માટે પરવાનગી આપશે જ્યાં તે ઉતરવા ઈચ્છે છે.

[IV] SLIMનું ઉપનામ 'ધ મૂન સ્નાઈપર' છે જે શિયોલી ક્રેટર પાસે ઉતર્યું છે જ્યા જ્વાળામુખી નિર્મિત પર્વતીય પ્રદેશ છે. તથા આ મિશન મિત્સુબિશી હેવી એચ2એ રોકેટથી લોન્ચ કરાયું છે.

**[*] કેન્દ્રીય શિક્ષા મંત્રાલયે કોચિંગ ક્લાસ માટે નિયમો જાહેર કર્યા.**

[I] નવા જાહેર થયેલાં નિયમો અનુસાર કોચિંગ સેન્ટરમાં 16 વર્ષથી નાની વયના વિદ્યાર્થીનું નામાંકન થઈ શકશે નહિ તથા ભ્રામક વાયદાઓ કે સારા માર્ક્સ કે પાસ થવા બાબતની ખોટી ગેરંટીઓ આપી શકાશે નહિ.

[II] વિદ્યાર્થીઓમાં વધતી આત્મહત્યા, કોચિંગ ક્લાસોમાં લાગતી આગની ઘટનાઓ, કોચિંગની સુવિધાઓમાં અપૂર્તતા તથા અનિશ્ચિત શિક્ષણ પ્રણાલીઓ બાબતે મળતી ફરિયાદોને કારણે આ નિર્ણય લેવાયો છે.

[III] કોચિંગ સેન્ટર સ્નાતકથી ઓછી યોગ્યતા વાળા શિક્ષક રાખી શકશે નહિ. અને માધ્યમિક શિક્ષણની પરીક્ષાઓ બાદ જ વિદ્યાર્થીનું નામાંકન થશે.

[IV] કોચિંગ સેન્ટરોએ નિર્દેશિત નિયમો અનુસાર ત્રણ માસના સમયમાં રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય બનાવાયું છે. અને આજ બાબતો તમામ રાજ્યની રાજ્ય સરકારોએ પણ અનુસરવાની રહેશે.

# [*] 25 જાન્યુઆરી - 2024 [*]

## [*] પરાક્રમ દિવસ - 23 જાન્યુઆરી.

[I] નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી દર વર્ષે પરાક્રમ દિવસથી મનાવાય છે. તેમનો જન્મ 1897માં ઓડિશાના કટક ખાતે થયો હતો.

[II] નેતાજીના ભારતની સ્વતંત્રતા આંદોલનમાં ઉત્કૃષ્ટ અનુદાન માટે મોદી સરકારે 2021માં આ દિવસની શરૂઆત કરી.

[III] આ દિવસના કાર્યક્રમના ભાગરૂપે PM ગણતંત્ર દિવસની ઝાંખી અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથેના પ્રદર્શન માટે પર્યટન મંત્રાલય આયોજિત 'ભારત પર્વ'નું ઉદ્ઘાટન કરશે.

## [*] મણિપુર, મેઘાલય અને ત્રિપુરા - રાજ્ય સ્થાપના દિવસ 21 જાન્યુઆરી

Current Affairs By C.H.Shingala GCPSC

[I] ઉત્તર-પૂર્વ ક્ષેત્ર (પુનર્ગઠન) અધિનિયમ 1971 અંતર્ગત આ રાજ્યોનો 52 મો સ્થાપના દિવસ ઉજવાયો.

[II] મણિપુર અને ત્રિપુરા રિયાસતો હતી, જેને ઓક્ટો. 1949માં ભારતમાં શામેલ કરવામાં આવ્યા. અને કે.શા. પ્રદેશનો દરજ્જો અપાયો હતો.

[III] 1970માં મેઘાલય, આસામમાંથી રાજ્ય બન્યું. અને 1972માં ત્રિપુરા, મણિપુર અને મેઘાલયને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળ્યો.

(યાદ રાખો)

→ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે 'ફર્ટિલાઇઝિંગ ધ ફ્યૂચર : ભારત માર્ચ ટુવર્ડ્સ ફર્ટિલાઇઝર સેલ્ફ સફિશિયન્સી' પુસ્તક લોન્ચ કર્યું. જે ભારતની 'ખાતર આત્મનિર્ભરતા' સંબંધિત છે.

→ ભારતીય મેરેથોન દોડવીર માનસિંહે હોંગકોંગમાં 2 કલાક 14 મિનિટ 19 સેકન્ડ સાથે એશિયાઈ મેરેથોન ચેમ્પિયનશિપ 2024માં ગોલ્ડ મેડલ મેળવ્યો.

## (*) ગુજરાતની કચ્છની ખારેકને GI Tag અપાયો.

I) કચ્છની ખારેકને ભારતના પેટન્ટ, ડિઝાઈન અને ટ્રેડ માર્ક્સ મહાનિયંત્રક (CGPDT) દ્વારા GI Tag અપાયો.

II) કચ્છ કિસાન ઉત્પાદક સંગઠન યુનિડેટ્સ ફાર્મર પ્રોડ્યુસર કંપની લિ. દ્વારા કરેલ અરજીને મંજૂરી અપાયા બાદ આ Tag અપાયો છે.

III) કચ્છમાં આંદાજે 2 મિલિયન ખારેકના વૃક્ષો છે જેમાંથી લગભગ 1.7 મિલિયન દેશી પ્રજાતના અંકુર-મૂળના છોડના વૃક્ષો છે.

IV) સંભવત: કચ્છ દુનિયાનું એકમાત્ર સ્થાન છે જ્યાં ભારત ખજૂરની આર્થિક રીતે ખેતી કરવામાં આવે છે. ભારતમાં કરવામાં આવતી ખારેકની કુલ ખેતીના 85% ખેતી કચ્છમાં થાય છે.

V) ખારેકના વૃક્ષમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મોર આવે છે અને જૂન-જુલાઈમાં ખારેકનો પાક તૈયાર થાય છે.

VI) ગુજરાત સરકાર અનુસાર કચ્છમાં 19,251 હેક્ટર ખજૂરની ખેતી થાય છે જે રાજ્યમાં 20,446 હેક્ટરના કુલ ખજૂરની ખેતીના ક્ષેત્રના 94% છે.

## (*) હેપેટાઈટીસ એ વેક્સીન, હેવિશ્યોર

I) ઈન્ડિયન ઈમ્યૂનોલોજિકલ્સ લિમિટેડે ભારતના પ્રથમ સ્વદેશી વેક્સીન હેવિશ્યોર લોન્ચ કરી. આ વેક્સીન એમના માટે છે જેમના હેપેટાઈટિસ A નું જોખમ છે.

II) આ વેક્સીન બે ડોઝમાં આપી શકાશે. જેમાં પ્રથમ ડોઝ 1 વર્ષથી વધુની ઉંમરે અને બીજો પ્રથમના 6 માસ બાદ.

III) હેપેટાઈટીસ A એક સંક્રમિત રોગ છે જે મુખ્યરૂપથી દૂષિત ભોજન કે પાણીના સેવનથી થાય છે.

Current Affairs By G.H. Shingala GPSC

**[*] માય સ્કૂલ, માય પ્રાઈડ અભિયાન - હિમાચલ પ્રદેશ**

[I] NEP 2020 અંતર્ગત 'અપના વિદ્યાલય' કાર્યક્રમના ભાગરૂપે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું. જેનો ઉદ્દેશ્ય સરકારી શાળામાં શિક્ષણ પ્રણાલીને બદલીને શિક્ષણની ગુણવત્તામાં ક્રાંતિ લાવવાનો છે.

[II] કાર્યક્રમમાં કરિયર સંબંધિત માર્ગદર્શન, ઉપચારાત્મક શિક્ષણ, પરીક્ષા માટે વિદ્યાર્થી સજ્જતા જેવા મુદ્દાઓ ધ્યાને લેવાશે.

**[*] સશસ્ત્ર સીમા દળ (SSB)ના મહાનિર્દેશક - દલજીતસિંહ ચૌધરી**

[I] વરિષ્ઠ IPS અધિકારી શ્રી ચૌધરીની SSB અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

[II] તેઓ હાલ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF) ના મહાનિર્દેશક હતા.

**SSB**

→ ગૃહ મંત્રાલય અંતર્ગતનું કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ છે.
→ રચના - 1963
→ ધ્યેય વાક્ય - 'સેવા, સુરક્ષા અને ભાઈચારો'
→ નેપાળ-ભૂટાનની સીમા સુરક્ષા તેમની જવાબદારી છે.

Current Affairs By C.H.Shingala

**[*] 16 વર્ષ બાદ સ્વિટ્ઝરલેન્ડ અને ભારત મુક્ત વ્યાપાર સમજૂતી થઈ.**

[I] સ્વીસ અર્થવ્યવસ્થા મંત્રી ગાઈ પાર્મેલિને આ સહમતીની જાહેરાત કરી છે. આ સહમતીથી ભારતીય યુવાઓ માટે સ્વિટ્ઝરલેન્ડમાં રોજગારની તકો વધશે.

[II] ભારતમાંથી નિકાસ - કાર્બનિક રસાયણ, મોતી, કિંમતી પથ્થર, આભૂષણ, કપડા, રંગ, વિદ્યુત મશીનરી.

[III] સ્વિટ્ઝર્લેન્ડથી આયાત - રસાયણ, ફાર્મા ઉદ્યોગ મટીરીયલ, પરિવહન ઉપકરણ, ઘડીયાળ.

## [*] ડેઝર્ટ ફેસ્ટિવલ-2024-જેસલમેર ખાતે 22 થી 24 ફેબ્રુઆરી

[I] જેસલમેરના લક્ષ્મીનાથ મંદિરથી યાત્રા સાથે 'બેક ટૂ ધ ડેઝર્ટ' થીમ સાથે ફેસ્ટિવલ શરૂ થશે.

[II] આ વર્ષે આ ઉત્સવમાં સ્થાનિક કલાકારોને સવિશેષ લાભો અપાશે.


## [*] કેરળની મધિકા ભાષા લુપ્ત થવાના આરે

[I] મધિકા ભાષા કેરળના કન્નૂર જિલ્લામાં કરિવેલ્લૂર ગ્રામ પંચાયત પાસે ચક્કલિયા સમુદાય દ્વારા બોલવામાં આવે છે.

[II] હાલ આ ભાષા બોલનાર માત્ર બે વ્યક્તિ કે. પી. નારાયણન અને તેમની ભત્રીજી રાજપુત્રી બચ્યા છે.

[III] મધિકા ભાષાની કોઈ લિપિ નથી. તે તેલુગુ, તુલુ, કન્નડ, મલયાલમનું મિશ્રણ છે.

[IV] ચક્કલિયા સમુદાય કર્ણાટકના પહાડી વિસ્તારમાં વસવાટ કરે છે.



## (*) 26 જાન્યુઆરી - 2024 (*)

**(*) એન અનકોમન લવ: ધ અર્લી લાઈફ ઓફ સુધા એન્ડ નારાયણ મૂર્તિ' પુસ્તક.**

I. આ પુસ્તક ચિત્રા બેનર્જી દિવાકરુની દ્વારા લખવામાં આવ્યું છે.

II. સુધા કુલકર્ણી ટેલ્કોની પ્રથમ મહિલા એન્જિનિયર તરીકે તેમનું કરિયર બનાવી રહ્યા હતા તે સમયે તેમની મુલાકાત નારાયણમૂર્તિ સાથે થઈ.

III. આ પુસ્તક બંનેએ લગ્નજીવનને શક્તિશાળી અને સ્થાયી બનાવવા આપેલા યોગદાન પર ભાર મૂકે છે.

IV. નારાયણ મૂર્તિએ 1981માં ઈન્ફોસિસની સ્થાપના કરી અને તેમને 'ભારતીય આઈટી ક્ષેત્ર'ના જનક માનવામાં આવે છે.

**(*) ભારતીય ડોક્યુમેન્ટ્રી ફીચર ફિલ્મ 'ટૂ કિલ અ ટાઈગર'ને 96માં અકાદમી પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવી.**

Current Affairs By C.I Shingala GPSC

I. અસાધારણ પરિસ્થિતિનો સામનો કરી રહેલ સામાન્ય વ્યક્તિની ભાવનાત્મક યાત્રાની ડોક્યુમેન્ટ્રી ફિલ્મની નિશા પાહુજાએ બનાવી છે.

II. ફિલ્મમાં રણજીતની 13 વર્ષીય પુત્રીને ન્યાય આપવા માટેના સંઘર્ષને બતાવાયો છે જેનું અપહરણ કરાયા બાદ ત્રણ લોકોએ યૌન શોષણ કર્યું હતું.

III. 96માં પુરસ્કાર માટે અન્ય ચાર ડોક્યુમેન્ટ્રી નામાંકન થયું.
1. બોબી વાઈન: ધ પીપલ્સ પ્રેસિડેન્ટ.
2. ધ ઈટરનલ મેમોરી.
3. ફોર ડોટર્સ
4. 20 ડેઈઝ ઈન મારિયુપોલ.

IV. 96મો અકાદમી પુરસ્કાર 10 માર્ચે લોસ એન્જેલસના ડોલ્બી થિયેટરમાં અપાશે.

## [*] રાષ્ટ્રીય બાલિકા દિવસ - 24 જાન્યુઆરી

[I] આ દિવસ છોકરીઓ દ્વારા સામનો કરવામાં આવતી અસમાનતાઓ બાબતે જાગૃતતા લાવવા તથા તેમને શિક્ષણ, સ્વાસ્થ્ય અને પોષણમાં સમાન અવસર આપવા મનાવાય છે.

[II] 22 જાન્યુ., 2015માં પ્રધાનમંત્રી મોદીએ લોન્ચ કરેલ બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનની વર્ષગાંઠને આ દિવસ ચિહ્નિત કરે છે.

[III] સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક સ્ત્રીઓ માટે સમાનતા અને સન્માનના સિદ્ધાંતો પર ભાર મૂકવાનો છે.

## [*] બિહારના પૂર્વ CM કર્પૂરી ઠાકુરને મરણોપરાંત ભારત રત્ન.

[I] શ્રી ઠાકુરની 100મી જન્મજયંતીના અવસરે રાષ્ટ્રપતિ ભવન ખાતેથી આ જાહેરાત થઈ.

[II] તેઓ સમાજવાદી નેતા હતા અને તેમના અનુયાયીઓ તેમને 'જનનાયક' તરીકે ઓળખતા. જેમણે પછાત જાતિઓને મજબૂત બનાવવાના પ્રયાસો કર્યા હતા. તેઓ ભારત છોડો આંદોલનમાં જેલવાસ પણ ભોગવી ચૂક્યા છે.

[III] તેઓ ડિસે. 1970 - જૂન 1971 અને ડિસે. 1977 થી એપ્રિલ 1979 સુધી બિહારના CM રહ્યા.

## [*] આંતરરાષ્ટ્રીય શિક્ષા દિવસ - 24 જાન્યુઆરી

[I] વર્ષ 2018માં આ દિવસની શરૂઆત થઈ જે વર્ષ 2024માં 6ઠ્ઠી વખત ઉજવાશે.

[II] UNESCOએ આ દિવસ દ્વેષાસ્પદ ભાષણનો સામનો કરવામાં શિક્ષણ અને શિક્ષકોની ભૂમિકાને સમર્પિત કરવા આ દિવસ મનાવવાની શરૂઆત કરી.

[III] 2024ની થીમ - 'સ્થાયી શાંતિ માટે શીખવું'.

Current Affairs By C.H. Shingala GPSC

[*] કેનેડા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને માત્ર 2 વર્ષની વર્ક પરમીટ આપશે.

[I] કેનેડા સરકારે સ્નાતકોત્તર વિદ્યાર્થીઓ માટે વર્ક પરમિટ ને પ્રતિબંધિત કરી જેની પાછળ આવનારાઓની સંખ્યામાં વૃદ્ધિ અને બગડતા જતા આવાસ સંકટને કારણભૂત ગણાવ્યું.

[II] કેનેડામાં ૨૦24માં 3,60,000 વિદ્યાર્થીઓને અભ્યાસ માટે મંજૂરી અપાશે જે વર્ષ 2023 કરતાં 35 % ઓછુ છે.

[III] આ ઉપરાંત સરકાર સ્થાનિક વિદ્યાર્થીઓ માટે અનુરૂપ વાતાવરણ રચવા તથા તેમનું અન્ય દેશોમાં પલાયન અટકાવવાના ઘણા પ્રયાસો કરશે.

[IV] કેનેડાના આ નિર્ણયથી ભારતમાંથી ઉચ્ચ અભ્યાસ માટે જનાર વિદ્યાર્થીઓને મુશ્કેલી પડવાની સંપૂર્ણ આવશ્યક્તા છે.

[*] રાષ્ટ્રીય પર્યટન દિવસ - ૨5 જાન્યુઆરી

[I] પર્યટન બાબતે લોકોમાં જાગૃતતા લાવવા માટે 1948થી આ દિવસ મનાવાય છે.

[II] ભારત સાંસ્કૃતિક, પ્રાકૃતિક, વિરાસત, શિક્ષણ અને વ્યવસાય સ્વરૂપે પર્યટનના અનેક સ્વરૂપો પ્રદાન કરે છે.

[III] વર્ષ 2024ની થીમ - 'Sustainable Journeys, Timeless Memories'

[IV] ભારતમાં લગભગ 15.3% એમ્પ્લોય પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલ છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

# (*) 27 જાન્યુઆરી - 2024 (*)

## (*) હમારા સંવિધાન, હમારા સમ્માન અભિયાન.

I. ગણતંત્રના રૂપમાં ભારતના 75 વર્ષને ઉજવવા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે એક વર્ષ સુધી ચાલનાર આ અખિલ ભારતીય અભિયાનનું ઉદ્ઘાટન કર્યું.

II. આ અભિયાનનો ઉદ્દેશ્ય ભારતના સંવિધાન પ્રત્યે સિદ્ધાંતોની સામૂહિક પ્રતિબદ્ધતા નક્કી કરવાનો છે.

III. આ અભિયાન અંતર્ગત 'સબકો ન્યાય, હર ઘર ન્યાય', 'નવ ભારત નવ સંકલ્પ' અને 'વિધિ જાગૃતિ અભિયાન' પણ શરૂ કરવામાં આવ્યા.

IV. સબકો ન્યાય, હર ઘર ન્યાય અંતર્ગત ન્યાય સહાયકો વિવિધ નાગરિક કેન્દ્રીત કાનૂની સેવાઓ બાબતે લોકોમાં જાગૃતતા ફેલાવશે.

V. આ સાથે દિશા (ડિઝાઈનિંગ ઈનોવેટિવ સોલ્યૂશન્સ ફોર હોલિસ્ટિક એક્સેસ ટૂ જસ્ટિસ) પુસ્તક પણ લોન્ચ કરાયું.

VI. વિધિ જાગૃતિ અભિયાનનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પ્રો બોનો ક્લબ યોજના હેઠળ લૉ કૉલેજ દ્વારા દત્તક લેવાયેલ ગામમાં પંચ પ્રાણનો સંદેશ ફેલાવવાનો છે.

VII. નવ ભારત નવ સંકલ્પનો ઉદ્દેશ્ય પંચ પ્રાણ પ્રતિજ્ઞાને સમર્થન કરવાનો છે.

• પંચ પ્રાણ સંકલ્પ •

1. વિકસિત ભારતનું લક્ષ્ય
2. ગુલામીની માનસિકતા દૂર કરવી.
3. પરંપરાઓનું ગૌરવ લેવું.
4. એકતા અને અખંડિતતા માટે જીવન સમર્પિત કરવું.
5. નાગરિકોના મનમાં ફરજની ભાવના જાગૃત કરવી.

Current Affairs By C H Shingala GPSC

## [*] સ્વીડનને નાટોમાં જોડાવાની સંભાવનાઓ.

[I] તુર્કીયે સ્વીડનની સદસ્યતાને મંજૂરી આપી છે. જેનાથી ૨૦ માસના સમયથી ચાલી રહેલ પશ્ચિમી સૈન્ય સંગઠનના વિસ્તારની સૌથી મોટી અડચણ દૂર થઈ.

[II] ૨૦૨૨માં સ્વીડને નાટોમાં જોડાવા માટે આવેદન કર્યું હતું જેમાં તુર્કીની જનરલ એસેમ્બલીમાં ૨૮૭-૫૫ નું મતદાન થયું હતું. નાટોમાં જોડાવા માટે તેના તમામ સભ્ય દેશોનું સમર્થન જરૂરી છે.

- તુર્કીના રા.પતિ - એર્દોગન
- સ્વીડનના પ્રધાનમંત્રી - ઉલ્ફ ક્રિસ્ટર્સન
- નાટોના મહાસચિવ - જેન્સ સ્ટોલટેનબર્ગ

[III] આવનારા સમયમાં હંગેરી પણ નાટો સાથે જોડાશે. સ્વીડનની સદસ્યતા બાદ રશિયન તટ અને કાલિનિનગ્રાદને છોડીને સંપૂર્ણ બાલ્ટિક તટરેખા નાટો ક્ષેત્ર બન્યું.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] BCCI એવોર્ડ્સ

[I] ભારતના પૂર્વ ઓલરાઉન્ડર અને મુખ્ય કોચ રવિ શાસ્ત્રીને હૈદરાબાદ ખાતે BCCI લાઈફટાઈમ પુરસ્કાર થી સન્માનિત કરાયા.

[II] ભારતના યુવા ક્રિકેટર શુભમન ગિલને છેલ્લા 12 મહિનાના ઉત્કૃષ્ટ દેખાવના કારણે ક્રિકેટર ઓફ ધ યરનો પુરસ્કાર અપાયો.

[III] ૨૦૨૩માં ગિલે એકદિવસીય મેચોમાં 2000 રન કરનાર ઝડપી ખેલાડી બન્યા હતા અને પાંચ સદીઓ ફટકારી હતી.

[IV] ૨૦૧૫માં નિયુક્ત શાસ્ત્રીના નેતૃત્વમાં ભારતના મુખ્ય કોચ તરીકે વિરાટ કોહલીની ટીમે ICC વિશ્વકપ ૨૦૧૯માં સેમીફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

[*] જમ્મૂ CSIR પ્રયોગશાળામાં ભાંગના છોડમાંથી યૌગિક એન્ટીબાયોટિક મળી આવ્યા.

[I] ભાંગમાંથી મળેલ ટેટ્રાહાઈડ્રોકેનાબિડિઓલ મેથિસિલિન-પ્રતિરોધી સ્ટેફિલોકોકસ ઓરિયસ સામે લડી શકે છે.

[II] કેનાબિનોઈડ્સ કેનાબિસના છોડ કેનાબિડિઓલ ઉત્પન્ન કરે છે અને તે પેલેડિયમની સાથે હાઈડ્રોજન સાથે પ્રક્રિયા કરે છે. અને એન્ટિબાયોટિક રસાયણ આપે છે જેનાથી સૂક્ષ્મજીવોને મારી શકાય છે.

[*] સૈન્ય અભ્યાસ - ડેઝર્ટ નાઈટ (ભારત, UAE અને ફ્રાંસ)

[I] ભારત, સંયુક્ત આરબ અમીરાત અને ફ્રાંસની વાયુ સેનાએ ૨૩ જાન્યુ, ૨૦૨૪એ અરબ સાગરમાં વાયુ યુદ્ધ અભ્યાસ 'ડેઝર્ટ નાઈટ'નું આયોજન કર્યું.

[II] ફ્રાંસીસી વાયુ અને અંતરિક્ષ દળે રાફેલ લડાયક વિમાનો તૈનાત કર્યા અને સાથે સાથે ટેન્કર પરિવહન વિમાન પણ તૈનાત કર્યા.

[III] UAEએ F-16 જેટ તૈનાત કર્યું. IAF દળે સુખોઈ-30 MKI, MIG-29 અને જગુઆર લડાયક વિમાન સાથે AWACS (હવાઈ ચેતવણી અને નિયંત્રણ પ્રણાલી) સામેલ કર્યા.

[IV] ડેઝર્ટ નાઈટ અભ્યાસ ત્રણ વાયુ સેનાઓ સાથે તાલમેલ અને આંતર સંચાલનીયતા વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

Current Affairs By C.H.Shingala

## [*] ૨૪ જાન્યુઆરી - ૨૦૨૪ [*]

### * તેલંગાણા સરકાર ફેબ્રુઆરીથી મફત વિજળી યોજના શરૂ કરવાની તૈયારીમાં.

I. માર્ગ અને મકાન મંત્રી કોમાટિરેડ્ડી વેંકટ રેડ્ડીએ રાજ્ય સરકારની 'ગૃહ જ્યોતિ યોજના' લાગુ કરવાની જાહેરાત કરી.

II. યોજનાનું લક્ષ્ય પાત્ર ઘરેલૂ વપરાશકર્તાઓને ૨૦૦ યુનિટ સુધી મફત વિજળી આપવાનું છે જે તેલંગાણાની ચૂંટણી ગેરંટીનો એક ભાગ છે.

III. અગાઉની સરકારના વીજ મંત્રી જી જગદીશ રેડ્ડી તથા તત્કાલીન TS ટ્રાન્સકો અને જેનકોના અધ્યક્ષ ડી પ્રભાકર રાવે વીજ ક્ષેત્રને 71,000 કરોડની નુકશાનીમાં મોકલ્યું છે જે હાલની સરકાર માટે એક પડકાર છે.

IV. આ ઉપરાંત સરકારે ખેડૂતોને 24 કલાક વીજળી આપવાની પણ જાહેરાત કરી છે. તથા ₹500 માં ઘરેલૂ ગેસ આપવાની પણ જાહેરાત કરી છે.

Current Affairs By C.H.Shingala
GCSC

### * ઉત્તરપ્રદેશ ગૌરવ સન્માન

I. ઈસરો વૈજ્ઞાનિક ડૉ. રિતુ કરીધલ શ્રીવાસ્તવ અને ઉદ્યોગી નવીન તિવારીને આ સન્માન આપાયું.

II. ડૉ. રિતુ એ ચંદ્રયાન મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી તથા ભારતના માર્સ ઓર્બિટર મંગલ મિશનમાં ઉપ સંચાલન નિર્દેશક તરીકે કામ કર્યું હતું.

III. નવીન તિવારી કાનપુરના ઉદ્યોગપતિ છે. જેઓ ફોર્બ્સ અને ફોર્ચ્યુન જેવી પત્રિકાના કવર પણ પર આવી ચુક્યા છે. અને તેમણે ભારતને યુનિકોર્ન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

• ઉત્તરપ્રદેશ ગૌરવ સન્માને 'યશ ભારતી'નું સ્થાન લીધું છે અને તેમાં વિવિધ ક્ષેત્રની હસ્તીઓને તેમની ઉપલબ્ધિઓ માટે 11 લાખ રૂપિયાની રોકડ આપવામાં આવે છે.

## [*] વૈભવ ફેલોશિપ

[I] કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે વૈભવ ફેલોશિપની પ્રથમ બેચની જાહેરાત કરી, જેમાં દુનિયાના વિવિધ ભાગના ભારતીય મૂળના 22 વૈજ્ઞાનિકોનો તેમાં સમાવેશ કરાયો.

[II] વરિષ્ઠ પ્રોફેસર, આરોગ્યસ્વામી પૉલરાજ (સ્ટેનફોર્ડ યુનિ.) અને જિતેન્દ્ર મલિક (કેલિફોર્નિયા યુનિ.)ને બે 'પ્રતિષ્ઠિત ફેલોશિપ' આપવાની જાહેરાત કરાઈ.

[III] વૈભવ ફેલોશિપ માટે કુલ 302 આવેદનો પ્રાપ્ત થયા હતા. જેમાં પસંદ થયેલાંઓને પ્રતિ માસ રૂ. 4 લાખ, રહેઠાણ અને રિસર્ચ માટેનું અનુદાન આપવામાં આવે છે.

## [*] 'એક્સરસાઈઝ સાયક્લોન' ની બીજી આવૃત્તિ - ભારત - મિસ્ર

[I] ભારતીય દળનું પ્રતિનિધિત્વ પૈરાશૂટ રેજિમેન્ટના સૈનિકો દ્વારા જ્યારે મિસ્રના કમાંડો સ્ક્વૉડ્રન અને મિસ્રના એરબોર્ન પ્લાટૂન ભાગ લેશે.

[II] અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશના રણવિસ્તાર, અર્ધરણ-વિસ્તારમાં એકબીજાની સહયોગ પૂરો પાડવાનો છે.

## [*] UKનો બ્લાવાટનિક પુરસ્કાર ત્રણ ભારતીય વૈજ્ઞાનિકોને.

[I] પ્રો. રાહુલ આર નાયર, મેહુલ મલિક અને ડૉ. તન્મય ભરતને યુનાઈટેડ કિંગડમમાં યુવા વિજ્ઞાનિઓને આ પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યા.

[II] ડૉ. નાયરે - રસાયણ વિજ્ઞાન તથા નેનો ટેક., ડૉ. ભરતે રસાયણ, ભૌતિક અને જીવવિજ્ઞાન તથા ડૉ. મેહુલે ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે કાર્યો આપ્યો છે.

[III] શરૂઆતી કરિયર વૈજ્ઞાનિકોને સમર્થન આપવા આ પુરસ્કાર 2007માં લિયોનાર્ડ બ્લાવાટનિકની અધ્યક્ષતાવાળી બ્લાવાટનિક ફેમિલી ફાઉન્ડેશન દ્વારા અપાય છે.

Current Affairs By C.H.Sisangala GPSC

## [*] જળવાયુ અનુકૂળ કૃષિ ખાદ્ય પ્રણાલી માટે નિવેશ ફોરમ

[I] નીતિ આયોગ, કૃષિ મંત્રાલય અને FAO દ્વારા આ ફોરમની સ્થાપના કરવામાં આવી છે.

[II] આ પહેલનો ઉદ્દેશ્ય ભારતમાં સરકાર, ખાનગી ક્ષેત્ર, કિસાન સંગઠનો અને નાણા સંસ્થાઓ વચ્ચે ઉન્નત જળવાયુ લવચીકતા સાથે કૃષિ ખાદ્ય પ્રણાલીઓ માટે નિવેશ અને સમજૂતી વધારવાનો છે.

[III] આ પહેલના મુખ્ય 6 ક્ષેત્રો.

1. જળવાયુ અનુકૂળ ખેતી
2. ડિજિટલ પ્રાથમિક સુવિધા અને સમાધાન
3. જળવાયુ અનુકૂળ ખેતી પ્રણાલીનું યોગ્ય વળતર (ઘરેલું અને વૈશ્વિક)
4. જળવાયુ અનુકૂળ મુખ્ય શ્રૃંખલા
5. જળવાયુ અનુકૂળ ઉત્પાદન પ્રથા અને ઇનપુટ
6. જળવાયુ અનુકૂળતા માટે લૈંગિક મુખ્યધારા અને સામાજિક સમાવેશ

Current Affairs By C.H.Shingala

## [*] 2024 પદ્મ વિભૂષણ

[I] કેન્દ્ર સરકારે 5 પદ્મ વિભૂષણ, 17 પદ્મ ભૂષણ અને 110 પદ્મ શ્રી પુરસ્કારોની જાહેરાત કરી.

[II] પદ્મ પુરસ્કારો વિવિધ વિષયો કલા, સામાજિક કાર્ય, સાર્વજનિક કાર્ય, વિજ્ઞાન, ઇજનેરી, વ્યવસાય, ઉદ્યોગ, ચિકિત્સા, સાહિત્ય, શિક્ષણ, રમત, જાહેર સેવા વગેરે સંબંધિતો અપાય છે.

[III] [પદ્મ શ્રી] - કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે, [પદ્મ ભૂષણ] - ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા માટે, [પદ્મ વિભૂષણ] - અસાધારણ અને વિશિષ્ટ સેવા માટે અપાય છે

1. એમ વેંકૈયા નાયડૂ (પૂર્વ ઉપરાષ્ટ્રપતિ)
2. ચિરંજીવી (અભિનેતા)
3. વૈજયંતીમાલા બાલી (અભિનેત્રી, નૃત્યાંગના)
4. પદ્મા સુબ્રમણ્યમ (ભરતનાટ્યમ)
5. બિંદેશ્વર પાઠક (સુલભ ઇન્ટરનેશનલ સંસ્થાપક)

} પદ્મ વિભૂષણ.

# [*] 29 જાન્યુઆરી -2024 [*]

## [*] આંતરરાષ્ટ્રીય સીમા શુલ્ક દિવસ-26 જાન્યુઆરી

[I] સીમા શુલ્ક અધિકારી અને એજન્સીઓના યોગદાનને ઉજાગર કરવા માટે આ દિવસ મનાવાય છે. 1953માં સીમા શુલ્ક સહયોગ પરિષદ દ્વારા આ દિવસ સ્થાપિત કરવામાં આવ્યો હતો.

[II] 1994માં સીમા શુલ્ક સહયોગ પરિષદ (CCC)નું નામ બદલીને વિશ્વ સીમા શુલ્ક સંગઠન કરવામાં આવ્યું. જેમાં હાલ 182 સભ્ય દેશો છે.

[III] વર્ષ 2024ની ઉજવણી બ્રુસેલ્સ, બેલ્જિયમ ખાતે સત્રના ઉદ્ઘાટન સાથે કરવામાં આવી. જ્યાં તેનું વડુંમથક પણ આવેલું છે. અને તેના મહાસચિવ ઈયાન સૉન્ડર્સ છે.

[IV] વર્ષ 2024ની થીમ - ઉદ્દેશ્ય સાથે પારંપરિક અને નવા ભાગીદારોને સામેલ કરનાર સીમા શુલ્ક

☺ સીમાશુલ્ક - Custom Duty

Current Affairs By C.H.Shingala

## [*] વિશ્વની પ્રથમ મેલાનિસ્ટિક ટાઈગર સફારી-ઓડિશા

[I] ઓડીશાના મયૂરભંજ જિલ્લા નજીક બારીપદા શહેરમાં આ સફારી સ્થાપિત કરાશે. જે સિમલિપાલ ટાઈગર રિઝર્વનો ભાગ બનશે. જેનાથી રાષ્ટ્રીય રાજમાર્ગ-18ના 200 હેક્ટર વિસ્તારને અલગ ઓળખ મળશે.

શરીર પર કાળા રંગના ધબ્બાની સ્થિતિ

[II] સિમલિપાલ રિઝર્વ એકમાત્ર વિશ્વનું {મેલાનિસ્ટિક} ટાઈગરનું રહેઠાણ માનવામાં આવે છે. 2024 ઓક્ટોબર સુધીમાં આ મેલાનિસ્ટિક સફારી પાર્ક લોકો માટે ખુલ્લુ મુકાશે.

[III] વન વિભાગે ત્રણ મેલાનિસ્ટિક વાઘ અને અન્ય બે વાઘોને ભુવનેશ્વરના નંદનકાનન પ્રાણીઉદ્યાનથી સિમલિપાલ સફારીમાં સ્થળાંતર કર્યા છે.

[IV] 2007માં પ્રથમવાર મેલાનિસ્ટિક વાઘ જોવા મળ્યા હતા.

## [*] ભારતનો 75મો ગણતંત્ર દિવસ - 26 જાન્યુ. 2024

[I] 26 જાન્યુ. 2024 એ નવી દિલ્લી કર્તવ્યપથ ખાતેથી ભારતનો 75મો ગણતંત્ર દિવસ મનાવવામાં આવ્યો. જે 26 જાન્યુ. 1950એ ભારતના સંવિધાનને અપનાવવાના ઉપલક્ષ્યમાં મનાવાય છે

[II] ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન 75માં ગણતંત્ર દિવસના મુખ્ય અતિથિ હતા.

[III] 2024ની પરેડ થીમ - 'વિકસિત ભારત' અને 'ભારત-લોકતંત્રની માતા' જે મુખ્યત્વે મહિલા કેન્દ્રીત હતી

[IV] પ્રથમવાર પરેડની શરૂઆત 100 મહિલા કલાકારો દ્વારા ભારતીય સંગીતવાદ્યોના સૂર સાથે થઈ. અને 16 રાજ્ય / કે. પ્રદેશ અને 9 મંત્રાલયોની કુલ 25 ઝાંખીઓ જોવા મળી.

Current Affairs By C.J.Shingala
GPSC

## [*] ન્યાયમૂર્તિ પ્રસન્ના બી વરાલે SCના ન્યાયાધીશ બન્યા

[I] ન્યાયમૂર્તિ પ્રસન્ના બી વરાલેને, કર્ણાટક HCના મુખ્ય ન્યાયાધીશ પ્રસન્ના બી વરાલેને, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ નિયુક્ત કરાયા.

[II] હાલ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા [34] છે.

### સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશની નિયુક્તિ

- મુખ્ય ન્યાયાધીશની સલાહથી રાષ્ટ્રપતિ નિયુક્ત કરે.
- અનુ. 124 અંતર્ગત નિયુક્ત થાય.
- મહત્તમ ઉંમર - 65 વર્ષ (નિવૃત થાય)
- મહત્તમ ઉંમર - સંસદના બંને ગૃહના
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને સંસદના બંને ગૃહના પસાર થયેલ પ્રસ્તાવના આધારે માત્ર રાષ્ટ્રપતિ જ હટાવી શકે.

(*) ભારત અમેરિકા માટે પર્યટકોના 5માં મોટા સ્ત્રોત તરીકે

[I] વધતા, સમૃદ્ધ મધ્યમ વર્ગ અને સંયુક્ત રાજ્ય અમેરિકાની યાત્રા કરનાર યુવા ભારતીયોએ અમેરિકાને પાંચમો સ્ત્રોત બનાવ્યો.

[II] ભારતીયો અન્ય યાત્રિકોની તુલનામાં 173.1 બિલિયન ડોલરનો હિસ્સો ખર્ચમાં ધરાવે છે. જે અમેરિકાના પ્રવાસ દરમિયાન વસ્તુઓ અને સેવાઓમાં કરવામાં આવે છે.

[III] 2023માં 17 લાખ ભારતીય પર્યટકો અમેરિકા આવ્યા અને 12 લાખ ભારતીયોને વીઝા અપાયા. અમેરિકાએ વધુ 2.5 લાખ નવા વિઝા આપવાની પણ જાહેરાત કરી છે.

(*) અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના 12 સ્ટેશનોની થીમ નક્કી થઈ.

[I] અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનાં 12 સ્ટેશનોની થીમ નક્કી થઈ જેમાં શહેરની ખાસિયત જ સ્ટેશનની થીમ અપાય.

◎ અમદાવાદ સ્ટેશનોની થીમ ◎

1. રીલ સ્ક્વેર - અમદાવાદ સીટી સ્ટેશન
2. ચરખો - સાબરમતી
3. હીરા - સુરત સ્ટેશન
4. વડ - વડોદરા
5. દરી - બીલિમોરા
6. શ્વેતક્રાંતિ - આણંદ
7. દરિયાઈ લહેરો - મુંબઈ
8. પર્ણીયપર્ણ - વિરાર (મુંબઈ)

# ✱ ૩૦ જાન્યુઆરી-૨૦24 ✱

**✱ બુર્કિના ફાસો, માલી અને નાઈજરને પ. આફ્રિકી રાજ્યોના આર્થિક સમુદાય (ઈકોવાસ) થી તત્કાલ બહાર નિકળવાની ઘોષણા**

I. નાઈજર-૨૦૨૩, બુર્કિના ફાસો-2022 અને માલી-૨૦20માં સતાપલટ થયા બાદ ત્રણેય દેશોના સૈન્ય શાસનોનો ઈકોવાસ સાથે તણાવપૂર્ણ સંબંધ રહયો છે.

II. ત્રણેયને ઈકોવાસથી નિલંબિત કરાયા છે. અને નાઈજર તથા માલી પર મોટા પાયે પ્રતિબંધો લગાડાયા છે.

III. આફ્રિકાના સહારાના રણવિસ્તારના કિનારે આવેલ સહેલ વિસ્તારમાં આ ત્રણેય રાષ્ટ્રો સ્થિત છે.

IV. પ. આફ્રિકી રાજ્યોનો આર્થિક સમુદાય (ઈકોવાસ) એ પ. આફ્રિકાના 15 દેશોનો એક ક્ષેત્રીય રાજનૈતિક અને આર્થિક સંઘ છે. જેનું મુખ્યાલય અબુજા, નાઈજિરિયામાં છે. અને તેની સ્થાપના 1975માં થઈ હતી.

Current Affairs By C.H Shingala GPSC

**✱ સંયુક્ત સૈન્ય અભ્યાસ - સદા તનસીક - ભારત અને સાઉદી અરબ**

I. આ અભ્યાસની પ્રથમ આવૃત્તિ 29 જાન્યુ. થી 10 ફેબ્રુઆરી રાજસ્થાનમાં આયોજિત થશે.

II. આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને દેશોની સેનાઓ વચ્ચે સર્વોત્તમ પ્રથાઓનો તાલમેલ વધારવાનો છે.

III. આ અભ્યાસ બંને દેશવચ્ચે મૈકેનાઈઝ્ડ ઈન્ફ્રેંટ્રી પર આધારિત સંયુક્ત અભ્યાસ છે.

↓ પરિવહન અને લડાઈ માટે આર્મર્ડ પર્સનલ કેરિયર્સ (APCs) અથવા પાયદળ લડાયક વાહનો (IFVs) થી સજ્જ એક પાયદળ છે.

**Infranty ના ત્રણ પ્રકાર**

1. Light
2. Stryker
3. Mechanized

## [*] ભારતીય સમાચારપત્ર દિવસ - 29 જાન્યુઆરી

[I] આ દિવસ 1780માં પ્રસિદ્ધ થયેલ ભારતના પ્રથમ સમાચારપત્રની યાદમાં મનાવાય છે.

[II] જેમ્સ ઓગસ્ટસ હિક્કીએ ભારતમાં પ્રથમવાર પ્રિન્ટેડ સમાચાર પત્ર લોન્ચ કર્યું હતું.

[III] આ સમાચાર પત્ર અંગ્રેજી ભાષામાં હતું જેને ઓરિજિનલ કલકત્તા જનરલ એડવરટાઈઝર અથવા હિક્કીઝ બંગાળ ગેઝેટથી ઓળખવામાં આવતું.

(IV) ઓગસ્ટસ હિક્કીને 'ભારતીય પ્રેસના જનક' માનવામાં આવે છે.

## [*] ફિલ્મફેર એવોર્ડ - 69 - ગુજરાત ખાતે આયોજિત થયો.

1. શ્રેષ્ઠ ફિલ્મ - 12th fail
2. શ્રેષ્ઠ નિર્દેશક - વિધુ વિનોદ ચોપડા (12th fail)
3. શ્રેષ્ઠ અભિનેતા (મુખ્ય) - રણવીર કપૂર (એનિમલ)
4. શ્રેષ્ઠ અભિનેત્રી (મુખ્ય) - આલિયા ભટ્ટ (રોકી અને રાનીની પ્રેમ કહાની)
5. શ્રેષ્ઠ ફિલ્મ (આલોચક) - જોરામ (દેવાશીષ મખીજા)
6. શ્રેષ્ઠ અભિનેતા (આલોચક) - વિક્રાંત મેસી (12th fail)
7. શ્રેષ્ઠ અભિનેત્રી (આલોચક) - રાની મુખર્જી (મિસિસ ચેટર્જી & બનામ નોર્વે), શેફાલી શાહ (થ્રી ઓફ અસ)
8. શ્રેષ્ઠ અભિનેતા (સહાયક) - વિકી કૌશલ (ડંકી)
9. શ્રેષ્ઠ અભિનેત્રી (મુખ્ય) - શબાના આઝમી (રોકી-રાની કી પ્રેમ કહાની)
10. શ્રેષ્ઠ ગીત - અમિતાભ ભટ્ટાચાર્ય (તેરે વાસ્તે - જરા હટકે જરા બચકે)
11. શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (પુરુષ) - ભૂપિન્દર બબ્બલ (અર્જન વેલી - એનિમલ)
12. શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (મહિલા) - શિલ્પા રાવ (બેશરમ રંગ - પઠાન)
13. શ્રેષ્ઠ ડેબ્યૂ ડાયરેક્ટર - તરુણ ડુડેજા (ધક ધક)
14. બેસ્ટ ડેબ્યૂ (પુરુષ) - આદિત્ય રાવલ (ફરાજ)
15. બેસ્ટ ડેબ્યૂ (મહિલા) - અલિઝેહ અગ્નિહોત્રી (ફર્રે)
16. લાઈફટાઈમ અચીવમેન્ટ પુરસ્કાર - ડેવિડ ધવન

Current Affairs By C.H.Shingala

**(*) નીતીશ કુમારે સતત ૧૦મી વાર મુ.મંત્રીના શપથ લીધા.**

[I] બિહારમાં NDA માં સામેલ થયા બાદ નીતિશ કુમારે આઠ મંત્રીઓ સહિત શપથ ગ્રહણ કરી મુખ્યમંત્રી બન્યા.

[II] બિહારની નવી સરકારમાં વિજયકુમાર સિન્હા અને સમ્રાટ ચૌધરી બે ઉપમુખ્યમંત્રી બન્યા.

[III] અગાઉ નીતીશકુમારે ડાબેરી અને રાષ્ટ્રીય જનતા દળ સાથે ગઠબંધનથી ૨૦૨૨માં સરકાર બનાવી હતી.

**(*) ISRO નો નવો આબોહવા ઉપગ્રહ - ઈન્સેટ-3DS**

[I] ISRO એ શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર ખાતેથી આ ઉપગ્રહ લોન્ચ કરશે.

[II] ઈનસેટ-3DS આબોહવા સંબંધી અવલોકનો મેળવવા અને આબોહવાનું પૂર્વાનુમાન લગાવી તે બાબતના નિર્ણયો માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

[III] ઈનસેટ 3D-2013માં તથા ઈનસેટ 3DR-2016માં લોન્ચ કરવામાં આવ્યા હતા. જ્યારે ઈનસેટ 3DS ને GSLV-F14ની મદદથી લોન્ચ કરાશે.

**(*) ઝોમેટો પેમેન્ટને ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવાની RBI એ મંજૂરી આપી.**

[I] ઝોમેટો લિમિટેડની પૂર્ણ સ્વામિત્વ વાળી સહાયક કંપની ઝોમેટો પેમેન્ટ્સ પ્રા.લી. ને RBI એ આ મંજૂરી આપી.

[II] ૨૦૨૩માં ઝોમેટોએ 'ઝોમેટો UPI' લોન્ચ કરી પોતાની યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (UPI) લોન્ચ કરી હતી. જે માટે ICICI બેંક સાથે કરારો કર્યા હતા.

Current Affairs By C.H.Shingala

**✱ સ્વાસ્થ્ય મંત્રાલયે કુષ્ઠરોગ માટે નવીન ઉપચાર પ્રણાલીને મંજૂરી આપી.**

[I] ૨૦૨૭ સુધીમાં કુષ્ઠ રોગના ફેલાવાને રોકવા માટે કેન્દ્ર સરકારે આ સિસ્ટમને મંજૂરી આપી. જેના માટે સરકાર રાષ્ટ્રીય કુષ્ઠ ઉન્મૂલન કાર્યક્રમ ચલાવે છે.

[II] સરકાર પૉસી-બૅસિલરી (PB) માટે છ માસ માટેની બે દવાના સ્થાને ત્રણ દવાની વ્યવસ્થા શરૂ કરશે. WHO ના ઉપચાર ચાર્ટમાં સમાવિષ્ટ આ ત્રણ દવાઓ-
ડૈપસોન, રિફૈમ્પિસિન અને ક્લોફાઝિમિન.

**• કુષ્ઠ રોગ •**

→ લાંબા ગાળાનો સંક્રમક રોગ છે જે માઈકોબેક્ટેરિયમ લેપ્રી બેક્ટેરિયાથી થાય છે.

→ તે ત્વચા અને Peripheral તંત્રને પ્રભાવિત કરે છે.

→ બેક્ટેરિયા નાક અને મુખથી નિકળતા બુંદો માધ્યમથી ફેલાય છે. અને મલ્ટી-ડ્રગ થેરેપી (MDT) થી તેનો ઈલાજ સંભવ છે.

**✱ ઓરેન્જ ફેસ્ટિવલ - નાગાલેન્ડ**

[I] વાર્ષિક ઓરેન્જ ફેસ્ટિવલની ચોથી આવૃત્તિ નાગાલેન્ડના કોહિમા જિલ્લાના રસોમા ગામ ખાતે આયોજિત થઈ. જેનું ઉદ્ઘાટન મહિલા સંશાધન અને બાગવાની મંત્રી સાલ્હોતુઓનુઓ ક્રૂસે કર્યું.

[II] બે દિવસીય આ મહોત્સવની થીમ - 'ઓર્ગેનિક ઓરેન્જ'

[III] રસોમા એ નાગાલેન્ડનું સૌથી પ્રગતિશીલ સંતરાનું ઉત્પાદક ગામમાંનું એક છે.

[IV] આ ઉત્સવનો ઉદ્દેશ્ય સંતરાની બાગાયત ખેતીને પ્રોત્સાહિત કરવાની તથા તેનું ઉત્પાદન વધારવા બાબતે યોગ્ય ચર્ચાઓ કરવાનો છે.

Current Affairs By C.H.Shingala

# [*] 31 જાન્યુઆરી - 2024 [*]

## [*] અનિલ કુમાર લાહોટી - ટ્રાઈના નવા ચેરમેન

[I] રેલવે બોર્ડના પૂર્વ અધ્યક્ષ અને CEO અનિલ કુમારને TRAI (ટેલિકોમ રેગ્યુલારિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા) ના અધ્યક્ષ બનાવાયા.

[II] અગાઉ 30 સપ્ટે. ટી.ડી. વાઘેલા ટ્રાઈના અધ્યક્ષપદેથી નિવૃત્ત થતા તે પદ ખાલી હતું.

[III] અનિલ કુમારની પદ પરથી વય મર્યાદા ત્રણ વર્ષ અને 65 વર્ષ અથવા આગલા આદેશ સુધી માન્ય ગણાશે.

### • TRAI •

→ સ્થાપના 20 ફેબ્રુઆરી, 1997
→ ભારત દૂરસંચાર ક્ષેત્રની નિયામક સંસ્થા છે.
→ મુખ્ય ઉદ્દેશ્ય ભારતના દૂરસંચાર ક્ષેત્રમાં નિષ્પક્ષ અને પારદર્શી વાતાવરણ આપવાનો
→ એક અધ્યક્ષ અને બે સભ્ય હોય.
→ વડું મથક - નવી દિલ્હી.

Current Affairs By C.H.Shingala

## [*] ભારતની પ્રથમ ગર્ભનિરોધક ગોળી 'સહેલી' ના નિર્માતા ડૉ. નિત્યા આનંદનું 99 વર્ષની વયે નિધન.

[I] ડૉ. નિત્યાએ 1974 થી 1984 સુધી CDRI ના પૂર્વ નિર્દેશક તરીકે કામ કર્યું. અને તેમણે 100 થી વધુ PHD ના વિદ્યાર્થીના માર્ગદર્શક તરીકે તથા 400 થી વધુ શોધપત્ર અને 130 થી વધુ પેટન્ટ પર કાર્ય કર્યું છે.

[II] સહેલી ઈતિહાસની પ્રથમ અને એકમાત્ર સાપ્તાહિક ગૈર-સ્ટેરોયડલ (સ્ટિરોઈડ વગરની), ગર્ભનિરોધક ગોળી હતી.

[III] 2016માં સહેલીને ભારતના રાષ્ટ્રીય પરિવાર કાર્યક્રમમાં સામેલ કરવામાં આવી હતી.

[IV] 2012માં ભારત સરકારે ડૉ. નિત્યાને પદ્મશ્રીથી સમ્માનિત કર્યા હતા.

## [*] શહીદ દિવસ - 30 જાન્યુઆરી

[I] દર વર્ષે મહાત્મા ગાંધીના બલિદાનને સન્માનિત કરવા માટે આ દિવસ મનાવાય છે.

[II] 30 જાન્યુ. 1948 એ નથુરામ ગોડસેએ નવી દિલ્હીમાં બિડલા હાઉસ ખાતે ગાંધીજીને ગોળી મારી હત્યા કરી હતી.

[III] વર્ષ 2024માં ગાંધીજીની [76મી] પુણ્યતિથિ છે. અને આ દિવસને <u>અહિંસા અને શાંતિના દિવસ</u> તરીકે પણ મનાવાય છે.

[IV] ખાસ આ દિવસ દેશના એ તમામ શહીદોને યાદ કરવા મનાવાય છે જેઓએ આઝાદી માટે પોતાના પ્રાણ આપ્યા છે.

[V] ગાંધીજીની સમાધિ - રાજઘાટ, દિલ્હી.

## [*] સંસ્કૃતિ મંત્રાલયની ઝાંખીને ગણતંત્ર દિવસ પરેડ 2024માં પ્રથમ પુરસ્કાર.

[I] થીમ - 'ભારત: લોકતંત્રની જનની'

[II] એનામોર્ફિક તકનીકના ઉપયોગથી ભારતની સાંસ્કૃતિક વિરાસત પ્રદર્શિત કરવામાં આવી હતી.

[III] ઝાંખીમાં 3-D ઈલેક્ટ્રોનિક વિઝ્યુલાઈઝેશન તકનીકના માધ્યમથી ભારતની પ્રાચીનથી આધુનિક કાળ સુધીના લોકતંત્રને પ્રદર્શિત કરવામાં આવ્યું.

[IV] ઝાંખીમાં પ્રથમ રા.પતિ રાજેન્દ્ર પ્રસાદ અને ડૉ. બી.આર. આંબેડકરની પ્રતિમા પણ પ્રદર્શિત કરવામાં આવી.

GPSC Current Affairs By CH.Sthingala

## [*] LABHA યોજના - ઓડિશા

I ઓડિશા સરકારે 'લઘુ બાણ્ય જાતિ દ્રવ્ય ક્રાય' યોજના શરૂ કરી.

II આ યોજના લઘુ વન ઉપજ (MFP) માટે 100% રાજ્ય ભંડોળ પોષણ સાથે MSP સુવિધા આધારિત યોજના છે.

III યોજના હેઠળ એક પ્રાથમિક સંગ્રહકર્તા ઓડિશાના જનજાતીય વિકાસ સહકારી નિગમ લિ. (TDCCOL) ને વેચાણ કરી શકશે. જેનાથી ઓડિશાની એક મોટી આદિવાસી આબાદી પ્રભાવિત થશે અને તે રાજ્યની કુલ આબાદીના 23% છે.

IV ઓડિશામાં 13 વિશેષ રૂપથી નબળા જનજાતિય સમૂહો અને 62 વિશિષ્ટ જનજાતિયો રહે છે.

## [*] પાર્વતી- કાલીસિંધ- ચંબલ- ઈઆરસીપી લિંક પરિયોજના

I રાજસ્થાન, મધ્યપ્રદેશ અને કેન્દ્ર સરકાર વચ્ચે આ પરિયોજના માટે MOU થયા.

II આ પરિયોજનામાં પાર્વતી- કાલીસિંધ નદી લિંક પરિયોજનાને પૂર્વ રાજસ્થાન નહેર યોજના સાથે જોડવામાં આવશે. જેનાથી રાજ. અને મ.પ્રદેશ તથા કેન્દ્ર સરકાર વચ્ચે પાણીની આપૂર્તિ, આદાનપ્રદાન બાબતની શરતોને અંતિમ રૂપ મળશે.

• <u>પાર્વતી- કાલીસિંધ નદી લિંક યોજના</u> •

→ આંતરરાજ્ય નદી જોડો પરિયોજના છે.
→ 1980માં તત્કાલીન કેન્દ્રીય સિંચાઈ મંત્રાલય અને જળ આયોગ દ્વારા સ્થાપિત યોજના છે.

• પૂર્વ <u>રાજસ્થાન નહેર પરિયોજના (ઈઆરસીપી)</u> •

→ ઉદ્દેશ્ય ચંબલ બેસીનના પાણીના સ્થળાંતરણનો છે.
→ તે કાલીસિંધ, પાર્વતી, મેજ અને ચાકન-ઉપ બેસિનોમાં ઉપલબ્ધ અધિશેષ ચોમાસાના પાણીને બનાસ, ગંભીરી, બાણગંગા અને પારવતીમાં જોડતી યોજના છે.

Current Affairs By C.H.Sringala

## [*] પ્રીતિ રજક ભારતીય સેનાના પ્રથમ મહિલા સૂબેદાર

[I] હવાલદાર પ્રીતિ રજકને સેનાના સૂબેદાર તરીકે પ્રમોશન અપાયું.

[II] પ્રીતિ 2022માં સૈન્ય પોલીસ કોરમાં સામેલ થયા હતા અને તેઓ એક ચેમ્પિયન ટ્રેપ શૂટર છે.

[III] તેમણે ચીનના હાંગઝૂ ખાતે 19માં એશિયાઈ ગેમ્સમાં સિલ્વર મેડલ મેળવ્યો હતા.

## [*] ભારતના સર્વોચ્ચ ન્યાયાલયની હીરક જયંતી

[I] પ્રધાનમંત્રી મોદીએ દિલ્લી ખાતે સર્વોચ્ચ અદાલતના 75માં વર્ષની શરૂઆત નિમિત્તે વધાઈ પાઠવી.

[II] તેમણે ભારતીય બંધારણમાં સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયના સિદ્ધાંતોને જાળવી રાખવામાં સર્વોચ્ચ ન્યાયાલયની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

[III] PM એ ડિજિટલ સુપ્રીમ કોર્ટ રિપોર્ટ (DG SCR), ડિજિટલ કોર્ટ 2.0 અને સુપ્રીમકોર્ટ માટે નવી દ્વિભાષી વેબસાઈટની શરૂઆત કરી.

**• ભારતની સર્વોચ્ચ અદાલત •**

→ 26 જાન્યુ, 1950 સ્થાપના. તિલક માર્ગ, દિલ્લી.

→ સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની નિયુક્તિ રા.પતિ દ્વારા કોલેજિયમ પદ્ધતિથી થાય છે.

## [*] સમલેઈ મંદિર પરિયોજના - ઓડિશા

[I] સમલેઈ (SAMALEI) (સમલેશ્વરી મંદિર ક્ષેત્ર પ્રબંધન અને સ્થાનીય આર્થિક પહેલ) મંદિર યોજના ઓડિશાના CM નવીન પટનાયકે શરૂ કરી.

[II] મુખ્ય ઉદ્દેશ્ય પ્રવાસીઓ અને તીર્થયાત્રીઓ માટે એક અદ્વિતીય અનુભવ આપવાનો.

[III] આ મંદિર ઓડિશામાં મહાનદીના કિનારે સંબલપુરમાં સ્થિત છે અને સમલેશ્વરી દેવીને સમર્પિત છે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે ભારતમાં હિમ ચિત્તાની સ્થિતિ જાહેર કરી.**

[I] નવી દિલ્હી ખાતે આયોજિત રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની બેઠકમાં હિમ ચિત્તા જનસંખ્યા આંકલન કાર્યક્રમ અંતર્ગત ચિત્તાની સ્થિતિ જાહેર કરવામાં આવી.

[II] આ રિપોર્ટ અનુસાર ભારતમાં 718 હિમ ચિત્તા છે. જેમાં લદ્દાખમાં 477 જોવા મળ્યા છે.

[III] લદ્દાખ ઉપરાંત ઉત્તરાખંડ, હિમાચલ, અરૂણાચલ, સિક્કિમ, જમ્મુ-કાશ્મીરમાં પણ જોવા મળે છે.

[IV] આ મૂલ્યાંકન ટ્રાંસ હિમાલય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ચિત્તાના આવાસનાં લગભગ 1,20,000 કિમી ને કવર કરે છે.

**[*] INS-નિરૂપકને સેવાનિવૃત્ત કરાયું.**

[I] 38 વર્ષની સેવા બાદ, INS નિરૂપકને વિશાખાપટ્ટનમમાં સેવાનિવૃત્ત કરાયું.

[II] આ સમારોહની અધ્યક્ષતા વિશાખાપટ્ટનમના નૌસેના ડોકયાર્ડ-માં ભારત સરકારના મુખ્ય હાઈડ્રોગ્રાફર વાઈસ એડમિરલ અધીર અરોડાએ કરી.

[III] આ જહાજ મુખ્યત્વે હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ માટેની ભૂમિકા ભજવતું હતું. જેને 2004માં ઓપરેશન ગંભીર (સુનામી રાહત) સહિત માનવીય સહાયતા અને આપત્તિ વ્યવસ્થાપન માટે સામેલ કરાયું હતું.

Current Affairs By C.H Shringala
GCPSC

**[*] વૈશ્વિક ભ્રષ્ટાચાર સૂચકાંકમાં ભારત 93માં સ્થાને.**

[I] આ રિપોર્ટ ટ્રાન્સપેરેન્સી ઈન્ટરનેશનલ દ્વારા આપવામાં આવ્યો છે. જેમાં ભારત 39 અંક સાથે 93માં સ્થાને છે.

[II] સૂચકાંક માટે 0થી 100 નંબર અપાય છે જેમાં 0 નો અર્થ અતિભ્રષ્ટ અને 100 એટલે અત્યંત સાફ.

[III] આ યાદીમાં ડેનમાર્ક સતત 6ઠ્ઠી વાર પ્રથમ, ફિનલેન્ડ બીજા અને ન્યૂઝીલેન્ડ ત્રીજા સ્થાને.

[IV] સોમાલિયા, વેનેઝુએલા, સીરિયા, દ. સુદાન, યમન સૌથી ભ્રષ્ટ

## [*] કેન્દ્ર સરકારે 30 શહેરોને ભિખારીમુક્ત બનાવવા પસંદ કર્યાં

[I] સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયે 2026 સુધીમાં ભિક્ષાવૃત્તિ દૂર કરવા જિલ્લા અને નગર પાલિકા અધિકારીઓને હોટસ્પોટ વિસ્તાર ઓળખવાનો આદેશ આપ્યા.

[II] આ માટે મંત્રાલય એક પોર્ટલ અને મોબાઈલ એપ પણ લોન્ચ કરશે. જેમાં ભિખારી તરીકે ઓળખાયેલ વ્યક્તિના ડેટા અને વાસ્તવિકતા અપડેટ કરાશે.

[III] કોઝિકોડ, વિજયવાડા, મદુરાઈ અને મૈસૂરે પોતાનું આ બાબતનું સર્વેક્ષણ પૂર્ણ કર્યું છે.

[IV] સમગ્ર કાર્યક્રમ [SMILE] પ્રોજેક્ટનો ભાગ છે.

↓

Support For Marginalised Individuals For livelihood and Enterprises.

## [*] 'વૃક્ષારી' શોર્ટ ફિલ્મ

[I] અમદાવાદના ફિલ્મકાર રાહુલ વારિયા લિખિત 'વૃક્ષારી' શોર્ટ ફિલ્મ જકાર્તા ઈન્ડિપેન્ડન્ટ ફિલ્મ ફેસ્ટિવલ, સાંતા ફેવ ફિલ્મ ફેસ્ટ, મોન્ટ્રિયલ ફિલ્મ એવોર્ડ્સમાં નોમિનેટ થઈ. તથા આ ફિલ્મને બેસ્ટ એન્વાયર્નમેન્ટ ફિલ્મ એવોર્ડ અપાયો.

[II] ફિલ્મમાં પ્રકૃતિની જાળવણી અને પ્રકૃતિ વિના માનવ જીવનની અશક્યતા દર્શાવી છે.

[III] મુખ્ય કેરેક્ટર એક્ટ્રેસ અન્નપૂર્ણા શુક્લા એક વૃક્ષના આત્મા જેવી પર્યાવરણ બાબતની વાતો માંડે છે.

Current Affairs By C.J.Shingala GPSC

## [*] 8 ગુજરાતીઓને પદ્મ પુરસ્કાર

**• પદ્મભૂષણ •**

1. ડૉ. તેજસ પટેલ - મેડિસિન
2. કુંદન વ્યાસ - પત્રકારત્વ

**• પદ્મશ્રી •**

3. રઘુવીર ચૌધરી - સાહિત્ય
4. યઝદી ઈટાલિયા - મેડિસિન
5. હરીશ નાયક - સાહિત્ય (મરણોપરાંત)
6. દયાળ પરમાર - મેડિસિન
7. જગદીશ ત્રિવેદી - કળા
8. કિરણ વ્યાસ - યોગ.

Current Affairs By H.Shingala




# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | MRP. ~~230/-~~ |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Only @ 170/- |

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~150/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 99/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website **crackgpsc.com/books** OR અથવા **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી OR અથવા અહીં આપેલ **QR કોડ** દ્વારા પેમેન્ટ કરો.

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી) QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

**સરકારી નોકરીની તૈયારી માટે**

**76000 51070**

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**


# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**


























ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**




**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO / નાયબ મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Reedem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.

(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

**અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.**